**समानो मन्त्रः** (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૩ એપ્રિલ : ૨૦૦૯ અંક : ૧૦

**: પરામર્શનસમિતિ :**

| **નારાયણ દેસાઈ** | **ભોળાભાઈ પટેલ** | **ભારતી ર. દવે** |
|---|---|---|
| પ્રમુખ | વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય | પ્રકાશનમંત્રી |

**: તંત્રી :**

યોગેશ જોષી

**: સહતંત્રી :**

પ્રફુલ્લ રાવલ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.orgParab Online
February 2009

## અનુક્રમ

| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | નારાયણ દેસાઈ |
| **કવિતા** | કેમેરા ઑન છે ● લાભશંકર ઠાકર, ત્રણ ગઝલ ● ભગવતીકુમાર શર્મા, અવાજ ● નલિન રાવળ, હિંસા ● રાધેશ્યામ શર્મા |
| **સંસ્મરણ** | ઇન કેમેરા ● શ્રીકાન્ત શાહ |
| **સંસ્મૃતિ** | માતા વિનોદિની નીલકંઠ અને પિતા મનુભાઈ પરીખની સ્મૃતિસંધ્યા ટાણે ● સુકુમાર પરીખ |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | શ્રી મોહનલાલ પટેલની પરિપક્વ કલમે લઘુકથાસ્વરૂપ વિશે યોગ્ય પરિચય કરાવતો મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ ● પ્રેમજી પટેલ, શ્રમસાધ્ય સંશોધિત સમ્પાદન : ‘દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ’ ● ડૉ. બિપિન આશર |
| **પરિષદવૃત્ત** | સંકલન : અનિલા દલાલ |
| **અંજલિ** | વિનોદ મેઘાણીની ચિરવિદાય |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : પ્રફુલ્લ રાવલ |
| **આવરણચિત્ર** | જગદીપ સ્માર્ત [સૂત્રધાર] |

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




**[‘ગુજરાતી નાટક’** : સતીશ વ્યાસ, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૮+૩૨૬, કિં. રૂ. ૧૭૫]

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય-મંદિર અંતર્ગત શ્રી ભોગીલાલ સાંડેસરા સ્વાધ્યાયપીઠના સંશોધક અધ્યાપક તરીકે વરાયેલા, ગુજરાતીના જાણીતા નાટ્યલેખક અને વિવેચક શ્રી સતીશભાઈ વ્યાસના સ્વાધ્યાયના ફળસ્વરૂપે ‘ગુજરાતી નાટક’ (વિવેચન) પ્રકાશિત થાય છે. દલપતરામકૃત ‘લક્ષ્મી નાટક’થી આરંભાઈને પરેશ નાયકકૃત નાટક ‘ઈ.સ. ૨૦૨૨’ સુધી વિસ્તરતા આ પુસ્તકમાં ગુજરાતી નાટકનાં ભરતીઓટ વિશે જ નહીં, યુગકારી પ્રભાવ અને તેનાં પરિબળો વિશે વિચારણા થઈ. નાટ્યસમીક્ષાની પૂર્વે લેખકે એક વિશિષ્ટ સ્વરૂપ લેખે નાટકની વિલક્ષણતાઓ ચીંધી છે; એટલું જ નહીં, નાટ્યસર્જનની પ્રક્રિયા અને પ્રસ્તુતિનો પણ વિચાર કર્યો છે. અહીં પારસી નાટકોની વાત છે, તેમજ ઉમાશંકરના અગ્રંથસ્થ ‘અનાથ’ નાટકની પણ વાત છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી નાટકોનાં સ્થિત્યંતરોનું અહીં આલેખન થયું છે. અપેક્ષા છે નાટ્યલેખન-વિવેચન અને નિર્માણ – ઉભય પક્ષે કાર્યરત સૌને આ ગ્રંથની સહાય મળશે.

**[‘મારો અસબાબ’** : જનક ત્રિવેદી, પ્ર. આ. ૨૦૦૮, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૪+૧૪૨, કિં. રૂ. ૮૦/-]




‘બાવળ વાવનાર અને બીજી વાતો’ વાર્તાસંગ્રહ માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મેળવનાર જનક ત્રિવેદીનો આ નિબંધસંગ્રહ પરિષદ દ્વારા અને આચાર્ય કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલિ પ્રકાશન સમિતિના સૌજન્યથી મરણોત્તર પ્રકાશિત થઈ રહ્યો છે. તેઓ સારા વાર્તાકાર અને નિબંધકાર હતા. એમના આ નિબંધોમાં નિરૂપાયેલાં ભાતીગળ પાત્રો, પોતાનાં સંતાનો જેવો જ પ્રાણી-પક્ષીઓ માટેનો અપત્ય સ્નેહ, રેલવેસંસારની અવનવી વાતો, કાઠિયાવાડી બોલીના બળકટ પ્રયોગો, વિશિષ્ટ રીતે નિરૂપાયેલાં શૈશવ-ચિત્રો, પિતા વિશેનું આલેખન, લેખકનું ઝિલાયેલું મનોગત વગેરે આસ્વાદ્ય છે. કિરીટ દૂધાત લખે છે તેમ ‘‘આ નિબંધો પોતાની અંગત અનુભવની નીપજ હોવા છતાં તેમાંથી અળગા રહીને, બહાર ઊભીને જોવાની નિબંધકારની શૈલીને કારણે વાચક અહીં સીધો જ, સર્જકીય દખલગીરી વગર એમાં પ્રવેશ પામે છે... અહીં નિબંધકારની આંગળી પકડવાની જરૂર પડતી નથી. આ છે જનક ત્રિવેદીનું કલાકૌશલ્ય !’’ સહૃદયો આ પુસ્તકને ઉમળકાભેર આવકારશે એવી અપેક્ષા.

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

નદીકિનારે, ‘ટાઇમ્સ’ પાછળ, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭

# પરિષદ-પ્રમુખનો પત્ર

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના આંગણકા ગામથી ભાઈ પ્રવીણ મકવાણાએ બાબાસાહેબ આંબેડકરની જયંતી નિમિત્તે પ્રશ્ન પૂછ્યો છે કે ‘આપ કેવા દલિત વિકાસને ઇચ્છો છો ?’ આ પ્રશ્ન અંગે થોડા ઊંડાણથી વિચાર કરવાનું મન થાય છે.

એક જ વાક્યમાં આ પ્રશ્નનો જવાબ આપવાનો હોય તો એમ કહેવાય કે ‘હું એવો વિકાસ ઇચ્છું કે જેમાં દલિત-બિનદલિતના વિકાસ અલગ ન રહે. જ્યાં બધા સાથે ચડે, કોઈ કોઈને પાછળ રાખીને આગળ વધવા પ્રયત્ન ન કરે.’’

એમાંથી પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે આજે સમાજમાં જે વિષમતા પડી છે તેને અંગે આંખ આડા કાન કરીને તો આવો વિકાસ ન જ થઈ શકે ને ? પરંતુ મૂળ પ્રશ્ન અંતિમ વિકાસને ધ્યાનમાં રાખીને પુછાયો છે, એટલે સૌથી પહેલાં તો આપણું અંતિમ લક્ષ શું છે, એનો વિચાર કરવો રહ્યો. અને જોકે એવો પ્રશ્ન પુછાયો નથી તે છતાં, એના ગર્ભમાં રહેલો પ્રશ્ન – કે એ લક્ષ સુધી કેવી રીતે પહોંચાય – એનો પણ વિચાર સાથે જ કરી લઈએ.

મને એવો સમાજ ખપે જ્યાં જન્મને લીધે કોઈ વ્યક્તિ બીજા કરતાં ઊંચી કે નીચી ન ગણાય. તે એવો સમાજ હોય કે જેમાં જીવનોપયોગી પણ એક ઉદ્યોગ, ધંધો કે વ્યવસાય બીજાથી શ્રેષ્ઠ કે કનિષ્ઠ ન ગણાય. એવા સમાજમાં સ્પર્શાસ્પર્શ, નિવાસ, ખાણી-પીણી, ભણતર કે લગ્નના સંબંધોમાં જ્ઞાતિ, સંપ્રદાય, ધર્મ, રંગ ધન કે દેશના કોઈ ભેદભાવ માન્ય ન હોય.

આવો સમાજ સ્થાપવા જેમ સમાજના આજ સુધી ફાવેલા સમૂહોને પોતાની રહેણીકરણી, વિચારસરણી અને આદર્શોમાં ધરમૂળથી ફેરફાર કરવાના રહેશે તેમ જે રહી ગયેલા સમૂહો છે તેમણે પણ ફેરફાર કરવાના રહેશે. પરંતુ ઉપરોક્ત પ્રશ્ન ખાસ કરીને દલિતો અંગે પુછાયો છે, એટલે આપણે હાલ તુરત એમના પૂરતો મર્યાદિત રાખીએ.

એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે વિકાસ માત્ર પોતે જ પોતાનો કરવાનો હોય છે. કોઈ બીજાનો કરાવેલો વિકાસ મોટેભાગે તો પાંગળા બનાવનારો જ હોય છે. આમાં અપવાદ હોઈ શકે ખરા, જો હાથ ઝાલનારા અને જેનો હાથ ઝાલવામાં આવે તે બંનેમાં શાણપણ હોય તો. પણ સામાન્યપણે પોતે કરેલો વિકાસ જ પોતાને કામ લાગે છે.

પોતાના વિકાસની બાબતમાં સૌથી અગત્યની વાત માનસિક વૃત્તિ કેળવવાની છે. સમાજમાં અન્યાય, દમન, શોષણનો અંત કરવાનું પહેલું પગથિયું અન્યાય પીડિત, દલિત કે શોષિત પોતાના મનમાંથી દલિતપણાનો ખ્યાલ સમૂળગો કાઢી નાખે એ છે. ગુલામ ત્યાં સુધી જ ગુલામ રહે છે જ્યાં સુધી તે ગુલામીને માન્ય કરતો રહે છે. એમ દલિત પણ દલિત હોવાનો ભાવ મનમાંથી ભૂસી કાઢે તો આજની જે અન્યાયી, દમનકારી વ્યવસ્થા છે એ હચમચી જશે. આમ, કરવા સારુ એણે દલિત કહેવડાવવાથી જે અન્યાય સહન કરવો પડે છે, તેનો સદંતર ઇન્કાર કરવો પડશે. આગળ જતાં, દલિત હોવાની રૂએ એને જે લાભ મળતો હોય તે પણ માત્ર દલિત છે તે ખાતર સ્વીકાર કરવાનો ઇન્કાર કરવો પડશે.

આ માનસિક પરિવર્તન સારુ જે દલિત કહેવાય છે તેણે ઘણો આત્મવિશ્વાસ કેળવવો

પડશે. એણે કોઈ અનેરું ખમીર ખીલવવું પડશે. આત્મવિશ્વાસ ૧. માનસિક નિર્બળતા કાઢવાથી, ૨. પોતે કંઈક સિદ્ધ કરવાથી, અને ૩. શક્ય તેટલું બીજાને સારુ ઉપયોગી થઈ પડવાથી કેળવાય છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિતોના વિકાસ સારુ ત્રણ ઉત્તમ કાર્યક્રમો સૂચવ્યા છે. શિક્ષણ, સંગઠન અને સંઘર્ષ. આ ત્રણે અંગે આપણે ઊંડા ઊતરીને વિચાર કરવો પડશે. શિક્ષણનો અર્થ સામાન્ય રીતે ચાલુ શાળા-મહાશાળાઓમાં જે શિક્ષણ અપાય છે તે જ થાય એ સ્વાભાવિક છે. પણ આપણે એ વિચાર કરવો પડશે કે આજે જે જાતનું શિક્ષણ અપાય છે તે તો આજની વિષમતાઓને ટકવી રાખે અથવા તેમાં વધારો કરી આપે એવું શિક્ષણ છે. આજની વ્યવસ્થામાં ગરીબ માણસને શિક્ષણમાં આગળ જવાની બહુ ઓછી તક હોય છે; જે શિક્ષણ મેળવે છે તેને લીધે શિક્ષણ મેળવનાર જીવનવ્યવહાર બાબત સક્ષમ થતો નથી અને આજના શિક્ષણને અંતે સૌ માટે સરખા રસ્તાયે ખૂલતા નથી. બાબાસાહેબની ઇચ્છા મુજબનું સાચું શિક્ષણ તો તો જ મળ્યું ગણાય જો શિક્ષિત થનાર વ્યક્તિ આત્મવિશ્વાસ કેળવે અને આત્મનિર્ભર બને. એ શિક્ષણ જ એવું હોય કે જેને અંતે શિક્ષણ મેળવનાર સમાજનો એક ઉપયોગી સભ્ય બની જાય.

સંગઠનની બાબતમાં પણ ઘણા ઊંડા વિચારની જરૂર છે. આજકાલ સમાજમાં જે સંગઠનો જોવા મળે છે તેમાંનાં મોટાભાગનાંમાં સંગઠનનો જે ખરો ઉદ્દેશ હોવો જોઈએ – સંગઠિત થનારને એક બનાવી, નેક બનાવીને તેમનો ઉત્કર્ષ સાધવાનો – તે ઉદ્દેશ જ માર્યો જાય છે. શું રાજનૈતિક સંગઠન હોય કે શું આર્થિક, સાંસ્કૃતિક કે યુનિયનનાં સંગઠનો હોય, તે અમુક નેતાઓની તાકાત વધારે છે, પણ સામાન્ય સભ્યોને પોતાનું વ્યક્તિત્વ ખીલવવાની તક આપતાં જોવામાં આવતાં નથી. આજકાલનાં સંગઠનોની શિસ્ત મોટેભાગે તો સભ્યોને ભરવાડની ડાંગને ઇશારે ચાલતાં ઘેટાંબકરાં જ બનાવે છે. વળી કેટલાંક સંગઠનો તો પોતાનો સંપ વધારવાના એકમાત્ર સાધન તરીકે બીજા પ્રત્યે દ્વેષ કે દુશ્મનાવટ વધારવામાં જ માનતાં હોય એમ જણાય છે. બીજા પ્રત્યેનો દ્વેષ કે શત્રુત્વ વધવાથી માંહોમાંહ્યનો અનુરાગ કે મિત્રતા વધતાં કોઈએ જાણ્યાં નથી. છેવટે દ્વેષ અને શત્રુત્વ આત્મઘાતક જ સિદ્ધ થતાં હોય છે. તેથી દલિતોએ સંગઠન બાબત નવા ચીલા પાડવા પડશે. જેમાંથી દલિતોનો અને છેવટે તો આખા સમાજનાં સંપ, ભાઈચારો અને તાકાત વધે એવાં સંગઠનો ઊભાં કરવાં પડશે. આવાં સંગઠનો ઉપરથી આવેલા આદેશો મુજબ નીચેના દોરવાઈ જતા હોય એવાં નહીં, પણ બને એટલાં વધુ સ્વાયત્ત અને એકબીજા સાથે સમાનતાને ધોરણે વર્તતાં અને પરસ્પર સહકાર કરતાં હશે. આ સંગઠનો જાતિગત હોવાને બદલે જો સમાન ઉદ્યોગ, રુચિ કે રસના વિષયોને આધારે બને તો તેમાં હકારાત્મક શક્તિ વધુ ખીલવાની સંભાવના રહેશે. વળી આ સંગઠનોની કામ કરવાની રીતો અંગે પણ અનેક પ્રકારના પ્રયોગો કરવાની જરૂર રહેશે. એ સંગઠનમાં થોડા લોકોનું નેતૃત્વ બને અને તે વધુ મજબૂત બનતું રહે એવી અવસ્થાને બદલે એના સામાન્ય સભ્યોની નિર્ણય કરવાની શક્તિનો વિકાસ થાય એ રીતે કામ કરવાની તક પૂરી પાડવી પડશે.

વિકાસના માર્ગમાં સંઘર્ષ પણ એક મહત્ત્વનું સ્થાન ભોગવશે. આપણે અન્યાય કરવાને જેટલો ગુનો ગણીએ છીએ તેટલો જ ગુનો અન્યાય સહન કરવાને પણ ગણવો પડશે. આદર્શ સંઘર્ષમાં અન્યાયપીડિત વ્યક્તિ અન્યાયને સ્વીકારવાનો ઇન્કાર કરશે. એની સાથે સીધો કે આડકતરો સહકાર કરવાની ના પાડશે. આમ કરવામાં એને સ્વેચ્છાપૂર્વક કષ્ટ સહન કરવું પડશે, પણ એ જ પ્રક્રિયા એનામાં શક્તિ લાવશે અને અન્યાયના મૂળમાં જ લૂણો લગાડશે. સંઘર્ષની આ પ્રકારની રીતો અંગે જુદા જુદા અખતરા કરવા પડશે, જાતજાતની રીતે તાલીમ આપવી પડશે અને સમાજના બને એટલા જુદા જુદા સમૂહોનો સાથ મેળવવો પડશે. ન્યાય સારુ સ્વેચ્છાપૂર્વક અને સમજપૂર્વક સહેલાં કષ્ટ સમાજના સહૃદયી લોકોનો સાથ-સહકાર મેળવી આપશે. અલબત એ કબૂલ કરવું પડશે કે આખરે સંઘર્ષનો આ આખો કાર્યક્રમ આપણી શ્રદ્ધા ઉપર તથા આપણી સહન કરવાની સૂઝ અને શક્તિ ઉપર આધાર રાખશે. પણ કયું સ્થાયી પરિવર્તન શ્રદ્ધા, સૂઝ કે શક્તિ વિના થાય છે ? શ્રદ્ધા આપણે સૌ પ્રથમ તો પોતા ઉપર રાખવી પડશે. આપણી હિમ્મત જ આપણને બળ આપશે. આપણી મુશ્કેલીઓ જ આપણને સૂઝ અને શક્તિ આપશે.

શિક્ષણ, સંગઠન અને સંઘર્ષ સાથે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં આપણે અનેક સદ્ભાવમય સહજીવનના નમૂના ઊભા કરવા પડશે. એને સારુ જે જે ભળી શકે તેના સહિયારા પુરુષાર્થની જરૂર રહેશે. પણ સાવ નાના પાયા પર શરૂ કરેલો, માત્ર બે કુટુંબો વચ્ચેના સમૂહજીવનનો પ્રયોગ પણ આખા સમાજ ઉપર એની અસર કર્યા વિના નહીં રહે. સમૂહજીવનનો પાયો પરસ્પરના વિશ્વાસમાં રહેલો છે. વિશ્વાસ એ જ સમાજનો શ્વાસ છે. આજે જેટલે અંશે અને જેવી અવસ્થામાં પણ સમાજ ટકી રહ્યો છે તેની પાછળ મૂળ કારણ પરસ્પરનો વિશ્વાસ છે. વિશ્વાસનું ક્ષેત્ર વિસ્તારવું પડશે અને વિશ્વાસને વધુ ઊંડો ને દૃઢ કરવો પડશે. એ પાયા પર સમૂહજીવનની ઇમારત રચાશે.

હું એ સ્વીકાર કરું છું કે શિક્ષણ, સંગઠન, સંઘર્ષ અને સમૂહજીવનનો આ આખો કાર્યક્રમ આજે તો સપના જેવો લાગે છે. પણ સમાજમાં કોઈ સપનું જોયા વિના આકાર પામતું નથી. આપણે જો શાંતિ અને ન્યાયવાળો સમત્વયુક્ત સમાજ લાવવો હશે તો કોઈકે તો સપનાં જોવાં પડશે અને કોઈકે તો એ સપનાં પૂરાં કરવા પોતાનાથી શરૂઆત કરવી પડશે. પ્રશ્નકર્તા જાતે જ એ 'કોઈક' કેમ ન બને ? સારા કામની શરૂઆત હમેશાં પ્રથમ પુરુષ એકવચનથી જ થાય છે. કોઈ અન્ય આપણા વિકાસ કરાવી આપશે એવી વાટ જોતા રહીશું તો બીજાનો વાંક જ કાઢતા રહી જઈશું. અને સમાજનો, સરકારનો કે નસીબનો દોષ જ કાઢતા રહીશું.

આપણે એવો સમાજ સ્થાપવો છે કે જ્યાં કોઈ દલિત ન રહે. સૌ જ્ઞાન અને સ્નેહના દીપથી પ્રજ્વલિત બને અને એમ કરવા સારુ પહેલું પગલું આપણે જાતે જ ભરવાનું છે. પહેલું પગલું સંકલ્પનું હશે. આપણા સમાજના એક ખાસ્સા અંગને દલિત બનાવી રાખનાર વ્યવસ્થા પાછળ આપણી જાતિવ્યવસ્થા, અસ્પૃશ્યતાની પરંપરા અને ઊંચ-નીચના ભેદભાવ છે. આ વ્યવસ્થા, આ પરંપરા આ ભેદભાવને સાંખી ન લેવાનો સંકલ્પ એ આપણો પ્રથમ સંકલ્પ હશે. એ સંકલ્પને પાર પાડવા આપણે શિક્ષણ, સંગઠન અને સંઘર્ષના રસ્તા લઈએ તથા નાનામોટા સમૂહોમાં સ્નેહ, સદ્ભાવ અને સહકારનાં વર્તુળો ઊભાં કરીએ. આ રીતે દલિતોનો વિકાસ સધાશે અને આખા સમાજના વિકાસમાં દલિતો પોતાનો નીતિન્યાયોચિત ફાળો આપી શકશે.

**– નારાયણ દેસાઈ**



પરબ v એપ્રિલ, 2009

## કૅમેરા ઑન છે | લાભશંકર ઠાકર

૧

શી-ઈ-ઈ-ઈ– !
શીતલ પવનની પીઠ પરેથી લસરે છે
લીંબુરંગનો તડકો
બોરસલીની ડાળ પરે ચળકે છે પૂંછડી શ્યામ
શ્વેત રંગના સંયોજનમાં : શી-ઈ-ઈ-ઈ !
શુભ્ર પતાસા જેવું પેટ, દૈયડ
મેગપાઈ રોબિન, આવ –
તારા અવાજમાં ઘૂંટાયા છે, લંબુરંગી સુખોષ્ણ તડકો
શીતળ પવન ને કામ. આવ –
દૈયડ અતીતમાંથી આ ક્ષણમાં સામે.
હું તો બેઠો છું નિષ્કામ ને અનિચ્છ. આવ
તારા અવાજથી ઊઘડી છે મારી આંખ
તાકવા તને, મારી એકલતાની ડાળે
સ્મૃતિશ્રુતિના ફળિયામાં સકામ કૅમેરાનાં
આંખકાનની સામે મીડ શૉટમાં.
તારી પ્રતીક્ષામાં કૅમેરા ઑન છે. આવ
શી-ઈ-ઈ-ઈ !

૨

આવાને
મનલોભી તનલોભી મેં જ
મારામાંથી બહાર ફેંકી દીધો છે
હાથ પડાવી લઈને
પગ આંચકી લઈને
મન ઉતરડી લઈને
વ્હાય ?
નિરુદ્દેશે ચલમ ફૂંકવા લૉંગ શૉટમાં
પંચમુખી.

૩

શક્ય નથી છતાં મેં
નાખી છે જાળ
મારા પ્રયોજનને પકડવા,
તે
હશે હશેની આશામાં
પથરાઈને પડી છે જાળ, દૃષ્ટિક્ષેપની.
અતંદ્ર
જાગું છું.
છે હોવું ને આ હોવાનો પથરાટ.
એ
પથરાટના કેન્દ્રમાં
છું
છતાં નથી.
ના
આ આમ ઉભડક બેઠો છું ફ્રેમના કાંઠે
તે
નિરુદ્દેશ નથી.

૪

ફૂટેલા કાચની વચ્ચે
કીડીઓની લંગાર રહી છે
ખેંચી
માધુર્યના
કણકણને
ધૈર્યથી
તે તન્મય તન્મય કીડીઓને
ક્લોઝ-અપમાં તાકું છું ધીમેશથી
ફરતો ફરતો ગોળાકાર.

## ત્રણ ગઝલ | ભગવતીકુમાર શર્મા

### ૧. શ્વસે છે

હવાને પૂછી પૂછીને શ્વસે છે;
એ કાંટાને ય સૂંઘીને શ્વસે છે.

શ્વસનની ઔપચારિકતાથી છૂટવા
વીતેલી પળને ઝંખીને શ્વસે છે.

મળે છે ક્યાંક થોડો પ્રાણવાયુ ?
એ વૃક્ષે વૃક્ષે ભટકીને શ્વસે છે.

મળ્યો છે થાક ટોળે ફેફસાંમાં;
એ હાંફી, હાંફી, હાંફીને શ્વસે છે.

નસોમાં પાનખરના કાફલાઓ;
વસંતોને એ કલ્પીને શ્વસે છે.

૨૪-૨-૨૦૦૯

### ૨. વહે છે

નદી ભીતર અને બહાર વહે છે;
કે ધોરી નસની સાથે ઘર વહે છે.

કલમથી સાહી ઊતરી અશ્રુ માફક;
જુઓ, કાગળ ઉપર અક્ષર વહે છે.

ગતિ છે આ જ જીવનની હમેશાં;
એ અટકે છે યુગો, પળભર વહે છે.

વહાવ્યાં ફૂલ પૂજાનાં નદીમાં;
ને સાથે મૂર્તિના પથ્થર વહે છે.

તટોએ કેળવ્યું તાટસ્થ્ય પૂરું;
નદી બંને તરફ સરભર વહે છે.

૨૪-૨-૨૦૦૯

### ૩. પલળે છે

પડેલું ઉમ્બરે નોંધારું એ અખબાર પલળે છે;
સમાચારોની રાતી ઝાંયનો શણગાર પલળે છે.

ચઢેલાં પૂર તો ઊતરી ગયાં આખા નગરમાંથી;
હજી એક ખોરડું એકાકી ને બિસ્માર પલળે છે.

રુદન સ્વપ્ને થયું'તું ને સવાર ઊગી ગઈ ભીની;
નયન છે સાવ કોરાં, ઓશીકાની ધાર પલળે છે.

હવે નળિયાં ઉપર સોનેરી તડકો ઊતરી આવ્યો;
ફરકતી ચકલીનાં પીંછાંઓનો ઝબકાર પલળે છે.

બધી છત્રી ધકેલાઈ ગઈ છે માળિયા ઉપર;
અટૂલા તાનપૂરા પર મિયાંમલ્હાર પલળે છે !

તા. ૨૪-૨-૨૦૦૯

## અવાજ | નલિન રાવળ

સાંબા સફારી લોજની
પશ્ચિમે
વહેતી નદીના કલકલ નિનાદની પાર
ઝૂલતી ક્ષિતિજ પર
છવાયા આભ પર
ઊડતા
સારસની પાંખથી ઝરતો
તારો અવાજ
 દરિયાવની લહરે
 ખીલેલી ચાંદની જેવો;
પવન પર સરતી
 સુંવાળી મ્હેકના જેવો;
વન મહીં ઊંડે
 કહીં વહેતા ઝરણ જેવો;
તરતી રણકતી રાતમાં
 મોરના ટહુકારના જેવો;
ઝરમર વરસતી
 કોઈ મીઠી યાદના જેવો.

સાંબા : સ્વાહિલી ભાષામાં સિંહ

## હિંસા | રાધેશ્યામ શર્મા

પીન કુશનના
 રક્તકમલ
મખમલ પર
તીણી ઝીણી
 ટાંકણીઓ
વચ્ચે અમાપ
પ્રકાશવર્ષોનું અન્તર
ટાંકણીઓનાં ટોપટોચકાં
ચમક ચમક ચમકે
તારકોની દ્યુતિમાલા
નક્ષત્રો
નટરાજ તાંડવ નર્તે
ઉલ્કા
રેખા-આકાર તજી
વર્તુળોમાં પ્રવર્તે
મખમલ
મલમલ
ઝલમલ
ઝરડાય
ખરડાય
અણીઓથી
ટાંકણીઓ
ગાદી
મસૃણ
ગાદીપતિ
વિણ
વંશવૃક્ષ
વિહોણી.

# ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




**['અમે બોલીઓ છીએ'** : શાંતિભાઈ આચાર્ય, પ્ર. આ. ૨૦૦૯, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૧૮+૪૬૯, કિં. રૂ. ૩૦૦/-]

મેઘાણી જ્ઞાનપીઠ પ્રકાશનશ્રેણીનું 'અમે બોલીએ છીએ' એ નવમું પુસ્તક છે. આ સંગ્રહ ગુજરાતની વિવિધ બોલીઓનો છે. ગુજરાતી ભાષાની વિવિધ બોલીઓ વિશે શાન્તિભાઈ આચાર્યે સખત પરિશ્રમભર્યું ક્ષેત્રકાર્ય કરીને અઢળક બોલી-સામગ્રી એકત્રિત કરી છે. અહીં બત્રીસ વાર્તાઓ મૂળ ઉચ્ચારણને અનુસરતી લિપિમાં રજૂ થઈ છે. એની સાથે માન્ય ગુજરાતી ભાષામાં કરેલા અનુવાદો – પ્રચલિત ગુજરાતીમાં રૂપાન્તર કરેલું છે. આ રીતે જે તે બોલીની લાક્ષણિકતાઓ અહીં સુગમ્ય રીતે નિરૂપાઈ છે. આ પુસ્તક લોકસાહિત્યનાં રસિકો અને અભ્યાસીઓમાં આવકાર પામશે. એની સાથે બોલીવિજ્ઞાન અને ભાષાવિજ્ઞાનનાં અભ્યાસીઓ માટે સ્વાધ્યાયપદ્ધતિ પૂરી પાડશે.

શાંતિભાઈ આચાર્ય પ્રબોધ પંડિત અને હરિવલ્લભ ભાયાણી બેઉનો સ્નેહ પ્રાપ્ત કરનાર અનુગામી પેઢીના સમર્થ ભાષાવિજ્ઞાની છે. 'ઉત્તર ગુજરાતની ભાષા : સર્વેક્ષણ અને અભ્યાસ', 'ભીલી ગુજરાતી શબ્દકોશ', 'આદિવાસી લોકસાહિત્ય' વગેરે એમનાં ભાષાવિજ્ઞાનનાં મહત્ત્વનાં પુસ્તકો છે; તો ગ્રંથકાર શ્રેણીમાં 'ડૉ. પ્રબોધ પંડિત' પંડિતસાહેબનાં વ્યક્તિત્વ અને કાર્યનો તટસ્થ પરિચય આપે છે. અભ્યાસીઓને આ પુસ્તક ઉપયોગી થશે.

**['ગુજરાતી લેખિકાસૂચિ' (૧૯૦૦થી ૨૦૦૮)** : [સં. દીપ્તિ શાહ, પ્ર. આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૮+૧૩૬, કિં. રૂ. ૯૦/-]




શ્રીમતી વિનોદિનીબહેન નીલકંઠની જન્મશતાબ્દી નિમિત્તે તેમના સમગ્ર સાહિત્યનું પ્રકાશન ગુજરાત સાહિત્ય અકાદમીએ કર્યું; તેની સાથે તેમના પરિવારને વીસમી સદીની ગુજરાતી લેખિકાઓની સૂચિ પરિષદની સહાયથી પ્રકાશિત કરવાનો વિચાર ગત વર્ષે આવેલો અને પ્રાથમિક કક્ષાની સૂચિ તૈયાર પણ થયેલી. આ વર્ષે એ કામ વધારે વ્યવસ્થિત રૂપે કરવામાં આવ્યું. લેખિકાઓની માહિતી એકત્ર કરવા માટે વિવિધ સામયિકોમાં જાહેરાતો આપી. ઉપરાંત 'ગુજરાતી સાહિત્યકોશ' (અર્વાચીનકાળ), 'ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશ' (સંવર્ધિત) તેમજ પરિષદ-સંચાલિત ચી. મં. ગ્રંથાલયમાંથી વિવિધ સ્રોતો મારફત માહિતી એકત્ર કરી તેના સંપાદનનું કાર્ય ચી. મં. ગ્રંથાલયનાં દીપ્તિ શાહે કર્યું છે. આમ થતાં ૬૦૦ જેટલી લેખિકાઓ તેમજ તેમની ૨,૫૫૦ જેટલી કૃતિઓની માહિતી ઉપલબ્ધ થઈ. આ પ્રકારની સ્ત્રી-લેખિકાઓની સૂચિનું કામ સૌપ્રથમ વખત તૈયાર થયું છે.

આ સૂચિના પ્રકાશન અર્થે 'વિનોદિની નીલકંઠ – મનુભાઈ પરીખ પરિવાર પ્રકાશનશ્રેણી' નિમિત્તે પરિવાર તરફથી આર્થિક સહયોગ સાંપડ્યો છે તે આનંદની વાત છે. અભ્યાસીઓને આ સૂચિ ઉપયોગી નીવડશે તેવી આશા છે.

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭





# ઇન કૅમેરા

**શ્રીકાન્ત શાહ**

**એક અંગત નોંધ :**

*ચાર સર્જકો સાથે પસાર કરેલા છુટ્ટાછવાયા સમયને કે... છુટ્ટાછવાયા મને કે... મારી આ સર્જકો સાથેની આત્મીયતા કે આંતરક્રિયાને... અલપઝલપ મોટા બખિયા લઈ સાંધવાની આ મારી ચેષ્ટા છે.*

*મારા પોતાના બંધ દરવાજાની મૅજિક-આઈમાંથી મારી ભીતર કોલબેલ વગાડી રહેલા આ સર્જકોને જોઈ રહ્યો હોઉં એ રીતે...*

*ખૂબ જ આછીપાતળી અને અરધી-પરધી રીતે જ મેં તેમને પ્રગટ કર્યા છે.*

*ક્યારેક દરવાજો ખોલી... તેમની અડોઅડ બેસી મારે ઘણીબધી વાતો કરવી છે.*

**– શ્રીકાન્ત શાહ**

## ડૉ. જયંત ખત્રીના... ''આનંદનું મૃત્યુ''

ડૉ. જયંત ખત્રી... જામનગર... કાનાકાકાની દેરી... થોડીક બીડીઓ... થોડુંક સાહિત્ય... અને સ્મૃતિમાંથી બહાર નીકળી બાજુમાં જ ગોઠવાઈ જતા બકુલેશ, મન્ટો અને સમરસેટ મોમ...

આજે ડૉ. જયંત ખત્રી નથી. તેમની નવી લખાયેલી ૨૦૦ વાર્તાઓ નથી. તેમનો ગંભીર ચહેરો નથી.. કે દેરીના ઓટલા ઉપર ઘસીને બુઝાવેલો બીડીનો ડાઘ નથી રે જયંત ખત્રીની અડોઅડ બેઠેલો હું નથી.

S

જયંતભાઈ સાથે અનેક રાતો... દિવસો, વાતચીતો, અંગત આપ-લે અને બીડીઓ પીધી છે.

તેમની વાતો એકાકાર બનીને સાંભળી છે.

તુંકારાથી બોલાવતા સંબોધનોથી પડછે... તેમનામાં જીવતા એક કચ્છી માડુને અનુભવ્યો છે.

તેમની વાર્તાઓ... તેમના જ અવાજમાં વાંચી છે... આત્મસાત્ કરી છે.

S

ડૉ. જયંત ખત્રી... મારા પરમ મિત્ર હતા. મારા માટેની એક અત્યંત અર્થસભર વ્યક્તિ હતા.

તેમણે મને લખેલા પત્રો... મને મોકલાવેલી વાર્તાઓ, સામે બેસાડી બનાવેલો મારો સ્કેચ... તેમનું જાજરમાન વ્યક્તિત્વ, તેમનો અવાજ... હૂંફ... તેમની અંગત વાતો... સમજ, સાદગી અને કંઈ કેટલુંયે આજે મારી પાસે નથી.

મારી પાસે જયંત ખત્રી નથી. બીડીઓ નથી, અને ગુજરાતી સાહિત્ય પાસે એક અતિ

સમર્થ... અદ્વિતીય... એવો વાર્તાકાર નથી.

S

મેં તેમને એક નવલકથા લખવાનો ભરપૂર આગ્રહ કરેલો. જ્યારે જ્યારે અમે જામનગરમાં મળીએ ત્યારે ત્યારે... મારું પહેલું વાક્ય... ''તમે છો. નવલકથા ક્યાં છે ?''

અંતે તેમણે કંટાળીને... કહેલું ''નહીં લખું, અને કદાચ લખીશ... તો તને અર્પણ નહીં કરું.''

સાચે જ... તેમણે નવલકથા ન લખી... પરંતુ ટૂંકી વાર્તાઓ જ લખી, અને દળદાર નવલકથા જેવી જિંદગી જીવી... એક પ્રસ્તાવના જેવું મૃત્યુ મરી ગયા.

S

એક દિવસ અમદાવાદમાં... મારી યુનિવર્સિટી હોસ્ટેલથી કોક કમ્યુનિસ્ટ- લીડરની ઑફિસ તરફ જતી રિક્ષામાંથી ઊતર્યા પછી મેં રિક્ષાભાડાના પૈસા આપવાનો પ્રયત્ન કર્યો ત્યારે... ''મારી સાથે તો... ત્યારે ક્યારેય પૈસા આપવાનો પ્રયત્ન ન કરતો. મારા વતી કોઈ કશું આપે એ મને નથી ગમતું.''

ત્યાર પછી ક્યારેય હું રિક્ષાના પૈસા આપી શક્યો નથી કે તેમના ''વતી'' કશું જ કરી શક્યો નથી.

કૅન્સર ડાયોગ્નાઇઝ થયા પછીના લાંબા સમયે તેમણે મને પત્ર લખેલો ''બેક દિવસ માટે આવી જા. સાથે રહીએ.''

હું ન જઈ શક્યો.

કારણ કે... મને ખબર હતી કે જો તેમની પાસે જઈશ તો આ વખતે મારે જ રિક્ષાભાડાના પૈસા ચૂકવવા પડશે.

S

જયંત ખત્રીને મળ્યાની જેટલી સભરતા અનુભવું છું એ કરતાં છેલ્લે છેલ્લે તેમને ન મળી શકવાનો 'ગિલ્ટ' ....અને તેમની 'પ્રસ્તાવના' તરફ હું પણ આગળ સરકી રહ્યો છું એ વાતનો અહેસાસ... અને તેમના વતી... તેમના જેવું ન લખી શક્યાની અણઆવડત... અને

ન આવી શકનારા જયંત ખત્રીને... છેલ્લે છેલ્લે ''આવી જાવ. બે'ક દિવસ સાથે રહીએ''...નો કાગળ લખી... કશુંક સરભર કરવાની ઘેલછા સાથે... હું એક દિવસ કાનાકાકાની દેરીએ એકલો એકલો બેસવા માગું છું... એ વાત...

## રાવજી પટેલનું છેલ્લું કાવ્ય

સોનગઢની ટી.બી. હૉસ્પિટલમાં હું જ્યારે રાવજી પટેલને મળવા ગયો ત્યારે કોઈ જૈન સાધુઓ જેવા મોં ઉપર મુહપત્તી બાંધેલા અનેક લોકો વચ્ચેથી હું રાવજી પટેલને ઓળખી ન શક્યો.

ઓળખી ન શક્યો... કારણ કે એ વખતના રાવજીની આંખો કવિતા વગરની હતી, અને શરીર ટી.બી.થી ગ્રસ્ત હતું અને હૉસ્પિટલના સંદર્ભમાં એ માત્ર પેશન્ટ હતો... માણસ ન હતો... કવિ ન હતો.

પરંતુ રાવજી મને ઓળખી ગયો કારણ કે... એ સતત કશુંક ઓળખવાનો, મેળવવાનો, કોકની આત્મીયતાને અડી લેવાનો પ્રયત્ન કરતો. એક એકલવાયો અને આથમી રહેલા કંકુના સૂરજને ફરીથી ઉગાડવાનો પ્રયત્ન કરતો...

એક તરછોડાયેલો માણસ હતો.

S

અમે વાતો કરી. કવિતાઓ સાંભળી. ખબર-અંતર પૂછ્યા. ટી.બી.માંથી મુક્ત થયા પછીના ભવિષ્યની કુંડળી ઉકેલી.

મેં તેને બસ્સો રૂપિયા આપ્યા, અને ક્યારેય કોઈ જરૂરત હોય તો...

S

એ મને દરવાજા સુધી વળાવવા આવ્યો. હૉસ્પિટલની લૉબીમાંથી પસાર થતી વખતે... દૂરની થોડીક કોટેજીસ બતાવી... જ્યાં કોઈ પૈસાદાર દર્દી પોતાની રીતે સુવાંગ રહેવા માંગતો હોય તો...

તેમાંની એક કોટેજ તરફ આંગળી ચીંધી તેણે કહ્યું કે – 'એ કોટેજમાં થોડા દિવસ પહેલાં એક દર્દી મૃત્યુ પામેલો.'

''ડૉક્ટર્સની કડક સૂચના હતી કે... દર્દી પાસે ક્યારેય કોઈ સ્ત્રીએ / પત્નીએ એકલા ન રહેવું.''

''તે છતાં... એ દર્દી પાસે તેની પત્ની એક રાતે... એકલી રહી.''

અને ખોખલાં થઈ ગયેલાં ફેફસાં અને શરીરને ઓળંગી, સ્ત્રી... એકલતા... 'સેક્સ' અને આંધળાભીંત ઝનૂનની ચિચિયારીઓ ઉપર સવાર થઈ... તે દર્દીએ... માણસે... પતિએ....

S

પત્નીની ખુલ્લી છાતી... સ્તનો ઉપર લોહીની એક કાળઝાળ ઊલટી કરી... માથું ઢાળી દીધું.

પત્નીની ખુલ્લી છાતી અને ચહેરા ઉપર વહી જતા લોહીના રેલાઓ, અને જીવતા શરીર ઉપર પથરાઈ પડેલું મૃત્યુ... અને એક સન્નાટો, એકલતા, લાચારી, ભય અને 'ગિલ્ટ...'

S

''શ્રીકાન્તભાઈ ! આને કેવું મૃત્યુ કહેવાય ? ...કેવી ક્ષણો હશે એ ?'' રાવજી પોતે જ જાણે એ પળે એ કોટેજ બની ચૂક્યો હોય એવી રીતે મને પૂછ્યું.

S

મૃત્યુને હું ઓળખતો નથી... ઓળખવા માંગતો પણ નથી. પરંતુ એક વાતની મને ખબર છે કે... મૃત્યુને કોઈ ચહેરો હોતો નથી તેને કોઈ વ્યક્તિત્વ હોતું નથી. તેના સ્પર્શમાં કોઈ ઉષ્મા કે ઉત્તેજના હોતી નથી.

મૃત્યુ... જિંદગીની એક નાની તરડમાંથી દાખલ થાય છે અને બારણાં ફટબાર ખુલ્લાં મૂકી અદૃશ્ય થઈ જાય છે.

અથવા... જન્મની સાથે જ મૃત્યુ દરેક વ્યક્તિની ડાબી આંખ ઉપર બેસી જતું હોય છે, અને કમનસીબી એ છે કે... જમણી આંખ ક્યારેય તેને જોઈ શકતી નથી.

માણસની ડાબી આંખ એ મૃત્યુની આંખ છે.

S

ત્યારપછી ચારેક મહિના પસાર થયા. એક દિવસ રાવજીનો પત્ર આવ્યો... ''મને થોડાક કાજુ અને ઝીંગા મોકલી આપો. ખૂબ ઇચ્છા થઈ છે.''

મેં થોડાક કાજુ મોકલી આપ્યા.

ઝીંગા ન મોકલી શક્યો.

હું ઇચ્છતો હતો કે ઝીંગા તેના તળાવમાં જેટલો સમય જીવતા રહી શકે... એટલો સમય જીવતા રહે...

અને રાવજીની મુહપત્તી... અને એકલીઅટૂલી કોટેજ અને થોડીક ખાંસીઓ... અને શરીર ઉપર પથરાયેલી મૃત્યુની ઊલટીને સાફ કરતી એક બેબાકળી સ્ત્રી... અને હું ...જેટલો સમય જેટલા શ્વાસે જીવતા રહી શકીએ...

S

રાવજી મૃત્યુ પામ્યો.

એક કોટેજનું મૃત્યુ નહીં... પણ એક કવિતાનું મૃત્યુ પામ્યો. એકલું... એકલવાયું... એકલપેટું મૃત્યુ...

## હુલ્લડ... કરફ્યુ અને ચંદ્રકાન્ત બક્ષી

ચંદ્રકાન્ત બક્ષી... રીયો ડી જાનેરો કે હોનોલુલુમાં જન્મ્યા હોત તો... તેમના બે હોઠ વચ્ચે હવાના સિગાર, વોલેટમાં એકાદ કેસીનોની ચહલ-પહલ... આજુબાજુની બે ચીકણી છોકરીઓના ખભા ઉપર ટેકવેલા બન્ને હાથની હથેળીઓમાં બીકીની પહેરેલા ખડખડાટ હાસ્યની સુંવાળપ અને...

સી-બીચ ઉપર અરધા લઢૂકી ગયેલા બક્ષીના ક્રિસ્ટલ ગોબલેટમાં ઘમંડ, બેપરવાઈ અને પેરીફીરલ-વિઝનનો કોન્યાક છલકતો હોત.

પરંતુ બક્ષી... ભાખરી, પૂરી, પરોઠા, રોટીના દેશમાં જન્મ્યા હતા અને રોગાન જોશ તથા ટંગડી કબાબનો લંચ લેતી વખતે ઇમોશનલ બની જતા હતા.

કારણ કે બક્ષી અદ્‌ભુત માણસ હતા.

માથાભારે માણસ હતા.

તેમનામાં તાજગી, આધુનિકતા, સ્માર્ટનેસ અને અનોખાપણાનું બ્રેઇન- વાયરિંગ થયેલું હતું અને ચંદ્રકાન્ત બક્ષી કાર્પલ – ટનલ – સિન્ડ્રોમથી પીડાતા ન હતા.

S

હું ચંદ્રકાન્ત બક્ષીને... માત્ર તેમના ચંદ્રકાન્ત બક્ષી હોવાને કારણે ચાહું છું. તેમનાથી પ્રભાવિત છું.

S

એવા ચંદ્રકાન્ત બક્ષી... ૧૯૬૯માં કલકત્તા છોડી અમદાવાદમાં વસવાટ કરવા માટે આવેલા. મણિનગર... ભૈરવનાથ રોડની બાજુમાં તેમણે મકાન ભાડે રાખેલું.

એ સમયમાં જ... અમદાવાદમાં અત્યંત કરપીણ અને લોહિયાળ હુલ્લડ ફાટી નીકળેલું.

અને એ સમયમાં જ હું બક્ષીથી... સાત મિનિટના અંતરે નહેરુપાર્ક સોસાયટીમાં રહેતો હતો.

S

હુલ્લડ, કરફ્યૂ, અફવાઓ, તંગદિલી, પોલીસ અને મિલિટરીનું ગ્લુકોઝ-સિલાઇન અમદાવાદના લોકોની નસેનસમાં વહેતું હતું.

દુકાનો... રસ્તાઓ બંધ હતાં.

જીવનજરૂરી વસ્તુઓ... દૂધ, શાકભાજી, કરિયાણું, હરફર અને આવન-જાવન, મિત્રો અને સગાંસંબંધીઓ બંધ હતાં.

એ વખતે અમદાવાદ માટે બક્ષી નવાસવા હતા, પરંતુ અહમદશાહ બાદશાહ બક્ષીને ઓળખતા હતા.

S

મને થયું કે બક્ષી હેરાન થતા હશે.

અમદાવાદે બક્ષીને હેરાન કરવાનું ષડ્‌યંત્ર રચ્યું છે એવા કોઈ તાર્કિક ખ્યાલને મમળાવતા હશે, અથવા અમદાવાદથી.... અમદાવાદના માણસોથી તંગ આવી... ફરીથી કલકત્તા કે મુંબઈ કે હોલોલુલુ ચાલ્યા જવાના નિર્ણયો લેતા હશે.

એટલે કરફ્યૂ હોવા છતાં... બક્ષીના ખબરઅંતર પૂછવા હું ગલીઓ... સોસાયટીઓમાંથી લપાતોછુપાતો... એક દિવસ તેમના ઘરે પહોંચ્યો.

મુખ્ય દરવાજો બંધ હતો.

દરવાજામાં લાકડાં ઉપર... શંકા-કુશંકા અને ડઘાઈ ગયાનો પરસેવો પથરાયેલો હતો.

S

મોટા લિવિંગ-રૂમની જમીન ઉપર... ચારસો જેટલાં મેગેઝીન્સ અને જુદાં જુદાં કટિંગ્સ લાઇનબદ્ધ, કતારબંધ, શિસ્તબધ રીતે ગોઠવેલાં હતાં.

બક્ષી અને બકુલાબહેન... મેં ખખડાવેલા દરવાજાનું એડ્રીનલીન સમતોલ કરવાની કોશિશ કરતાં હતાં.

રૂમનાં... ઘરનાં, મકાનનાં દરેકે દરેક બારી-દરવાજા ચપોચપ અને ચસોચસ બંધ હતાં. હુલ્લડની બારીકમાં બારીક કોઈ કરચ અંદર પ્રવેશી ન શકે... તેની તકેદારીના ભાગ રૂપે બક્ષીના ચહેરા ઉપર સાવધાનીપૂર્વકની સખતાઈ હતી.

મેં બારી-દરવાજા-સ્ટોપરની મજબૂતાઈ, ભૈરવનાથ રોડની સલામતી, રસ્તા ઉપરની મિલિટરીની સતત અવરજવર, કોઈ ચીજ-વસ્તુની જરૂરત હોય તેની પૂછપરછ અને કરફ્યુ હોવા છતાં તમારા ખબરઅંતર પૂછવા આવ્યો તેની બહાદુરી, હુલ્લડખોર અમદાવાદની મોર્બિડિટી વગેરે વિષે વાતો કરી.

બક્ષી હવે હરગિઝ અમદાવાદમાં રહેવા માંગતા ન હતા એટલે ફરીથી કલકત્તા કે મુંબઈનાં બારી-દરવાજા ખોલવાની શક્યતાઓ વિષે ચર્ચાઓ કરી.

હું બક્ષીબાબુ સામે અહોભાવથી જોઈ રહ્યો.

S

ત્યારપછી બે વખત બક્ષીના ઘરે ગયો. એવી જ પૂર્વવત્‌ સ્થિતિમાં... બક્ષી... બકુલાબહેન... તેમનું ઘર... બારી-દરવાજા, મેગેઝીન્સ, કટિંગ્સ અને વાતાવરણમાં સંકડાઈ રહેલો બક્ષીનો પ્રભાવશાળી ભય...

‘‘શ્રીકાન્તબાબુ ! કોઈ વિધવા સ્ત્રીના સુકાઈ ગયેલા સ્તન જેવું આ શહેર છે. મને અહીં નહીં ફાવે. મુંબઈ ચાલ્યા જવા વિષે વિચારી રહ્યો છું.’’

હું બક્ષી વગરનું અમદાવાદ કે હુલ્લડ વગરનું અમદાવાદ કેવું લાગી શકે એ વિચારવા

માંડ્યો.

એક હુલ્લડ, એક કરફ્યૂ, એક ઇતિહાસનાં પાનાં ઉપર ફેલાયેલી દુશ્મનાવટ અને એક ટીયરગૅસના શેલને કારણે... બક્ષીને ગુમાવવાનો વસવસો મને કઠવા માંડ્યો.

મેં બક્ષીને સાચવી રાખવાના અનેક પ્રયત્નો કર્યા.

પરંતુ... ચપોચપ બંધ કરેલી બારીઓ જેવા બક્ષી... કે જેના વ્યક્તિત્વમાં અનેક શહેરોનો કોલાહલ, માનવજાતની બેવકૂફીના શિલાલેખો અને સમજ કંડારાયેલાં છે એવી મારી માન્યતાને ધકેલી... બક્ષી થોડા સમય પછી મુંબઈ ચાલ્યા ગયા.

અમદાવાદ બક્ષીને સાચવી ન શક્યું એ કમનસીબીની ઉપરવટ વર્ષો પછી ફરીથી એ જ અમદાવાદના ગોએલ ટાવરના ચોથે માળે... ખુલ્લી ફટબાર બારીઓના ફ્લૅટમાં રહેતા બક્ષીને...

હાર્ટ...એટૅક નામનું હુલ્લડ આંબી ગયું... એ કમનસીબી મને વધારે વેધક લાગે છે.

બક્ષીબાબુ અત્યંત ડાઇનેમિક, સ્માર્ટ, સોંસરવા અને ઇલેક્ટ્રો-મૅગ્નેટિક પર્સનાલિટી સાથે... અનેક બક્ષીબાબુઓનું વિશાળ સ્પેક્ટ્રમ ધરાવતા એક આલીશાન સર્જક હતા.

એટલે જ... તેમની સાથે ઘૂંટડે ઘૂંટડે પીધેલ હુલ્લડ, કરફ્યૂ અને કૉફીના સ્વાદને હું આજે પણ મમળાવું છું.

## ''કોઈક મને રોકો, પાછો વાળો.'' – સુરેશ જોષી

છ સપ્ટેમ્બરે... 'એસ્થેલીન ઇનહેલર' ટેબલ ઉપર એમ જ પડી રહ્યું. આજુબાજુ પથરાયેલા શબ્દો... એકબીજાથી જુદા પડી સંદર્ભ ગુમાવી... આડાઅવળા વેરાઈ ગયા, અને લોર્કાની કીડીના તારા જોઈ રહેલી બે આંખો... સદાને માટે મીંચાઈ ગઈ.

અને ગુજરાતી સાહિત્યને... ગુજરાતી સર્જકોને એક મેગા-ટેલિસ્કોપની ભેટ આપનાર, ગુજરાતી સર્જનપ્રક્રિયાને – ગ્રૅવિટેશનલ-ફોર્સ પૂરો પાડનાર...

એક વિરલ સર્જક...

૧૯૮૬ વર્ષનું આયુષ્ય ભોગવી સર્જનના અને જીવનના એકેએક સ્વરૂપમાંથી... અનિવાર્યતામાંથી બહાર નીકળી ગયા.

S

હું સુરેશભાઈને... અધ્યાપક કુટીરથી માંડી... અમદાવાદ... મુંબઈ... જામનગર... દ્વારકા સુધીના લાંબાપહોળા પટમાં મળ્યો છું. તેમની સાથે રહ્યો છું અને તેમની આંખની લાલ રક્તવાહિનીઓ જોઈ છે. તેમની સાથે ઢગલાબંધ વાતો કરી છે. અનેક લેખકો, ચિત્રકારો, સર્જકો, વિવેચકો અંગેના તેમના કટાક્ષો અને અભિપ્રાયોની સૅન્ડવિચીઝ સાથે ખાધી છે.

અને... આજે પણ શ્રી રસિક શાહ, જયંત પારેખ, સુમન શાહ જેવા અત્યંત તેજસ્વી વ્યક્તિત્વની ભીતર વસવાટ કરી રહેલા સુરેશ જોષીની સાથે / પાસે બેસીને... ભૂતકાળનાં કેટલાંક સ્મરણોને ગુલામ મહમ્મદ શેખના કેનવાસ ઉપર ઉતારવાનો પ્રયત્ન કરી જોયો છે... કરવાની ઇચ્છા ધરાવું છું.

S

હું દઢપણે માનું છું કે – ગુજરાતી સાહિત્યમાં કોઈ બે માતબર ઘટનાઓ બની હોય તો તે છે – સુરેશ જોષી અને નિરંજન ભગત.

S

વર્ષો પહેલાં બેટ દ્વારકા જતી વખતે... બોટમાં... હું અને ઋચા... નીચાં વળી... પાણીની છાલકો ઉડાડવાની રમત કરતા હતા.

સુરેશભાઈ હસતા હસતા... ઇતિહાસનાં એક એક પાનાંને હાથમાં લેતા... હોય તેમ... વાંકા વળી પાણીની છાલક હાથમાં લઈ... અમારી દિશામાં ઉડાડી ''શ્રીકાન્ત ! તને ખબર છે શબ્દ સાથે શબ્દ જોડવો... કે માણસ સાથે માણસ જોડવો... કે મૌન સાથે નિઃશબ્દતા જોડવી એ પાણીની એક છાલક સાથે...''

હું આજે પણ એ અધૂરા વાક્યની પાણીની છાલક હાથમાં લઈ મારી પ્રપૌત્રી નિરંતરા સાથે પાણીની રમત રમી રહ્યો છું.

S

બેટ દ્વારકાનાં જીર્ણશીર્ણ ખંડેરો જોતાં સુરેશભાઈએ કહેલું – ''કશુંક ખંડિત કે અધૂરું હોય છે ત્યારે આપણું Gestalt Perception વધારે Activate થાય છે અને એ અધૂરપને... ખંડિતને ભરી દેવાની... સંપૂર્ણ બનાવવાની માનસિક ક્રિયા-પ્રક્રિયા કરી તેનું સાંધણ કરવા માંડે છે.

સર્જકનું ચિત્ત પણ આવા જુદા જુદા અનુભવો, દશ્યો, સંવેદનોને એક Gestalt પ્રક્રિયાથી જોડી...''

S

દુઃખદ બાબત એ છે કે સુરેશભાઈ... બે તૂટી રહેલા પોતાના શ્વાસને એકબીજા સાથે લયબદ્ધ રીતે જોડવાની Gestalt પ્રક્રિયા ન કરી શક્યા પરંતુ

દમને કારણે તૂટતા શ્વાસને અને ઑક્સિજન મેળવવાની મથામણ કરતા ગુજરાતી સાહિત્યને... સુરેશભાઈએ 'એસ્થેલીન ઇનહેલરનો' સ્પ્રે કરી... તેની રેસ્પિરેટરી સિસ્ટમને વધારે કાર્યાન્વિત કરી આપવાનું જે અર્થસભર કામ કર્યું છે એ બદલ... તેમને સલામ.

r

સંસ્મૃતિ

# માતા વિનોદિની નીલકંઠ અને પિતા મનુભાઈ પરીખની સ્મૃતિસંધ્યા ટાણે

સુકુમાર પરીખ

**મને સાંભરે છે :**

અમારાં માતા વિનોદિનીબહેન, માનીતી ખુરશીમાં ઓટલે બેસી લખવામાં અને પિતા મનુભાઈ છાપું વાંચવામાં મશગૂલ છે – આ દશ્ય તો જે એમને મળવા આવે તે સૌને જોવા મળતું જ – વિનોદિનીબહેનનાં લખાણોમાં – નિબંધ, ટૂંકી વાર્તા કે નવલકથામાં અનેક અવતરણો ટાંક્યાં હોય – જોડકણાં અને લોકગીતોની કડીઓથી માંડી પોતાની પ્રિય કવિતાની પંક્તિઓ અને અંતે સંસ્કૃત શ્લોકમાંથી અવતરણો લે – તેમનો ઉતાર-ચડાવ જબરો.

પિતા રમણભાઈ નીલકંઠની જેમ, વિનોદિનીબહેનને હરતાં ને ફરતાં આવા લોકગીતોથી માંડી કવિતાઓ તેમજ સંસ્કૃત પદોનાં રટણ કરવાનો પણ ઘણો શોખ.

ઝાંખાં થતાં જતાં કેટકેટલાં મારાં સંભારણાં રજૂ કરતાં હું અવનવા ભાવો અનુભવી રહ્યો છું ! વીતેલા જમાનાની ઝલક આપની સમક્ષ રજૂ કરતા થોડો ક્ષોભ પણ અનુભવું છું.

મારી પત્ની શૈલજા નાનકડા પુત્ર મિલિંદને ઊંઘાડવાનો મિથ્યા પ્રયત્ન કરી રહી છે. નવાં દાદી બનેલાં વિનોદિનીબહેન બાળકને પોતાને ખોળે લઈ પેલું હાલરડું ગાવા માંડે છે –

**''કાનુડો મારા કાળજાની કોર છે''**

....... અને પછી

**''તમે આડો મેલોને કાન,**
**પોઢો પારણીએ ભગવાન.''**

..... બાળક મિલિન્દ ધીમે ધીમે ઊંઘી જાય છે.

કૌટુંબિક મેળો ભરાયો હોય, સાહિત્યરસિક મિત્રોનો ડાયરો જામ્યો હોય અને વાતચીતના તડાકા મરાતા હોય ત્યારે વિનોદિનીબહેન અનેક ઉક્તિઓ સંભળાવતાં જાય છે – હસમુખો સ્વભાવ સૌને ઉલ્લાસમય કરે છે અને ટીખળી સ્વભાવના અમારા પિતા મનુભાઈ એમાં કાંઈક અવનવું ઉમેરતા જાય છે.

મુસાફરી દરમ્યાન પોતાના આનંદી સ્વભાવ અનુસાર ટુચકા અને હાસ્યથી સૌ સહમુસાફરોને તરબોળ કરી દે છે અને પોતાના ટીખળથી બધાંને આવરી લે. રસ્તે જતા કોઈ પણ માણસ ઉપર કાલ્પનિક વાર્તા બનાવી દે છે – જુઓને આ ભાઈ આજે પત્ની સાથે ઝઘડો કરીને, ચા પીધા વગર નીકળી પડ્યા છે – ચા પીવાની તલપ છે પણ ખિસ્સામાં પૈસા લેવાનું ભૂલી ગયા છે. ચાલો આપણે તેને ચા પીવા બોલાવીએ !

વિનોદિનીબહેન હંમેશાં કહેતાં કે ''Fun is in Traveling and not in arriving !''

પોતાના એક બાળરત્નના અવસાનથી, વિનોદિનીબહેન અતિશય આઘાત પામ્યાં, અને પોતે માનસિક સમતોલન ગુમાવશે એવો ભય સેવવા લાગ્યાં. પોતાની રોજનીશીમાં તેમણે બાળરત્નની મૃત્યુતિથિએ લખ્યું :

**''પારેવડા સમ હતું બહુ ભોળીઉં એ**
**તે ગીતડું પ્રણયનું મુજ બાલડું એ !''**

બાદ પ્રેમાનંદના નળાખ્યાનની પંક્તિઓ કોણ જાણે તેમના ચિત્તે ચોંટી ગઈ. બહેન લખે છે કે પ્રેમાનંદની આ કડીએ એમને બચાવી લીધાં :

**''કદલી સ્થંભ જુગલ સાહેલડી**
**વચ્ચે વૈદર્ભી, કનકની વેલડી.''**

''સ્વાતિ અને યામિની જેવી સુંદર સાહેલડીઓની વચમાં ઊભેલી નાયિકા રાધાએ મારા ચિત્તને ઘેરી લીધું.'' કદલીવન નવલકથાનાં પાત્રોની વાત કરતાં વિનોદિનીબહેન કહે છે : અને ધીરે ધીરે આખું કદલીવન રચાવા લાગ્યું – 'કદલીવન' નવલકથા લખાઈ.

નવલકથા 'કદલીવન'ની અર્પણપત્રિકામાં વિનોદિનીબહેન સ્વર્ગસ્થ પિતા રમણભાઈ નીલકંઠને ઉદ્દેશીને લખે છે :

''શિષ્ટ સાહિત્ય પરત્વેનું તમારું ધોરણ કેટલું ઉચ્ચતમ હતું, તે હું સંપૂર્ણપણે જાણું છું. મારી આ પુસ્તિકાનું તમારે ત્રાજવે કેટલું જૂજ મૂલ્યાંકન થાય તે પૂરેપૂરું સમજું છું. છતાં તમારી પવિત્ર સ્મૃતિઓ સાથે આ 'કદલીવન'ને સાંકળું છું.''

વિનોદિનીબહેન હંમેશાં કહેતાં કે સૌથી શ્રેષ્ઠ અર્પણપત્રિકા એમના પિતાજી રમણભાઈ નીલકંઠે વિદ્યાબહેનને ''રાઈનો પર્વત''માં અર્પી છે :

**જે પુષ્પના દલ ખોલીને રજસ્થૂલને રસમય કરે**
**અધિકારી તે મધુમક્ષિકા એ મધુતણી પ્હેલી ઠરે;**
**તુજ સ્પર્શથી મુજ ચક્ષુને કંઈ સ્વપ્નસમ જે લાધિયું**
**જીવન સખી ! તે તુજ વિના રે ! જાય કોને અર્પિયું ?**

વિનોદિનીબહેનનાં લખાણોમાં હંમેશાં શિષ્ટતા અને સંયમ હોય :

જુઓ,

'કદલીવન'માં ધનાઢ્ય સોહન, ગોવિંદ ડ્રાઇવરની રૂપકડી રાધાના પ્રેમમાં પડી ચૂક્યો હોય છે. પણ તે પ્રેમનું વર્ણન કરતાં સોહન કહે છે : પ્રેમ આવો પ્રચંડ હોય, આવો અદ્ભુત હશે એવો તો મને ખ્યાલ જ ન હતો !

આ તો જાણે દરિયામાં નહાતો હોઉં અને પ્રચંડ મોજું મોઢે, માથે ફરી વળ્યું હોય એવું લાગે છે ! આંખમાં પાણી, નાકમાં પાણી, કાનમાં પાણી, મોંમાં પાણી – પાણી જ પાણી. પ્રેમીજનોની સ્થિતિ આવી જ થતી હશે એની મને કલ્પના જ ન હતી !

બસ, બાકીનું વિનોદિનીબહેન વાચકની પોતાની કલ્પના ઉપર છોડી દે છે !

અહીં એક જુદો જ પ્રસંગ સાંભરી આવે છે.

એક વાર ગુજરાતી સાહિત્ય પરિષદે, વાર્ષિક સંમેલનમાં ''પાદપૂર્તિ'' હરીફાઈ યોજી હતી. અંતની કડી હતી – ''હેમંતની શર્વરી.'' શર્વરી એટલે રાત્રિ – જે આપ જાણો છો.

હરીફોએ આ ચરણને અંતમાં રાખી બાકીનું પદ રચવાનું હતું.

વિનોદિનીબહેને પદ રચ્યું હતું :

**આંટા મારી, દુઃખી ગયાં ચરણ ને,**
**ચિત્તે અતિ વ્યગ્રતા !**
**લાંબી રાત પૂરી ક્યમ થતી નથી, હેમંતકુમારની ?**
**કન્યા છે કુલદીપિકા, બોલી પરિચારિકા !**
**પાડ્યું નામ, સ્મરી મહામન વ્યથા,**
**હેમંતની શર્વરી !**

માતા વિદ્યાબહેને પણ એક પદ હરીફાઈમાં મોકલ્યું હતું.

નેતાજી સુભાષચંદ્ર બોઝની સેનામાં બહાદુરી બતાવતી કેપ્ટન લક્ષ્મીબાઈ ઉપર આ પદ લખાયેલું – જે કમનસીબે હું ભૂલી ગયો છું. જેનું છેલ્લું ચરણ જ આજે યાદ છે :

**"જાણે હાડ ધ્રુજાવતી, બલવતી**
**હેમંતની શર્વરી !"**

પાદપૂર્તિ હરીફાઈમાં વિદ્યાબહેનને પ્રથમ ઇનામ મળેલું અને વિનોદિનીબહેનને બીજું ઇનામ.

કેટલીક વાર તેમનાં સંદેશાત્મક લખાણોમાં – એવાં નાનકડાં લોકગીતોને વણી લે છે કે તેમને લાંબુંચોડું ભાષણ લખવું નહોતું પડતું :

બાળવિધવાનાં દુઃખ કેવી રીતે રજૂ કરવાં આટલું જ ટાંકતાં :

એક બાળવિધવા, નવરાત્રિના દિવસોમાં સૌ બહેનપણીઓ સાથે ગરબે રમવા નથી જઈ શકતી અને આંસુ સારતી ઘેર રહીને દૂરથી ગરબાનું ગીત સાંભળે છે :

**"તમે આછા કુંવર, તમે લાછા કુંવર,**
**તમે પરણેલા કે કુંવારા લાલ ?"**

આ બાળવિધવા જાતને પૂછે છે કે મારાથી આવા ગરબામાં ભાગ કેમ ના લેવાય ? હું તો પરણી ક્યારે તે જ મને યાદ નથી !

રઘુવીરભાઈ ચૌધરીએ વિનોદિનીબહેનને "વસંતનાં વહેવારિયાં" કહ્યાં છે. મને વિનોદિનીબહેનની રમ્ય રચના યાદ આવે છે :

**ધીરે ધીરે, અરે જરા ધીરે ! ઋતુઓનાં મહારાણી !**
**આવડો તે શો ઉન્માદ ! રંગ, રસ અને સુગંધની આટલી તે શી છાકમ છોળ !**

નૈર્ઋત્ય ખૂણામાંથી ધીમો, હળવો, કોઈ વિરહિતાના નિશ્વાસ જેવો હૂંફભર્યો વાયરો, વસન્ત વાયુનો છડીદાર બનીને આવે છે. વસંતવાયુ ! એનો અણસારો માત્ર થતાં જ, આ શો ગજબનો અજાયબીભર્યો ચમત્કાર ! જુઓ ! આંબાના ઝાડ મહોરે ઊભરાઈ રતુંબડા અને કેવાં રળિયામણાં બની રહ્યાં છે ! બેસતી વસન્તે મહોરેલા આંબાની અભિરામ શોભાને કોઈ કવિ ન્યાય કરી શકતો નથી. જેનાં તમામ પાંદડાં ખરી પડેલાં હતાં. તેવાં પીપળાનાં ઝાડ ઉપર શરમાતી, લજવાતી ઝીણી ઝીણી ગુલાબી અને રાતીચોળ કૂંપળો ફૂટે છે; તે સૌંદર્યાન્વિત. નવપલ્લવિત કુમાશની નકલ કરવાનું કોઈ ચિત્રકારનું ગજું નથી.



વસંતનાં વહેવારિયાં વિનોદિનીબહેન ૧૯૩૪માં જાપાન અને ચીનની મુસાફરી પર ગયાં હતાં. કોઈકે પૂછ્યું કે તમે જાપાન કેમ ગયાં હતાં તો વિનોદિનીબહેનનો જવાબ મળે છે : "વસંતઋતુનો ફૂલઉત્સવ જોવા માટે હું જાપાન ગઈ હતી !"

ગોરાં ગોરાં ચેરીના ફૂલ ઉપર કોઈ ફૂલગુલાબી પરીએ પોતાની આછીહળવી ગુલાબી રંગની જાદુઈ લાકડી ફેરવી તે ફૂલ ઉપર ગુલાબી રંગનો આભાસ માત્ર પડે એટલો જ ઢોળ ચઢાવ્યો. એવાં સાકુરાનાં ફૂલના ઝૂમખાથી છવાઈ ગયેલા જાપાનનાં ઉદ્યાનો અને ઉપવનો જેણે એક વખત પણ નજરે નીરખ્યાં છે, તેનું જીવન ખરે જ ધન્ય બન્યું ગણાય.

ચીનના બેજિંગ શહેરમાં (૧૯૩૪માં) જઈ, ત્યાંના Forbidden Cityમાં જાય છે અને લખે છે ફૂલથી ઢંકાઈ ગયેલાં વૃક્ષોનું સૌંદર્ય જોતાં જ આંખો જાણે તૃપ્ત થઈ જાય છે. અહીં પીચનાં ઝાડ જોયાં તે દૃશ્ય આંખ આગળ ખડું થાય છે ત્યારે એમ જ થાય છે કે ઈશ્વરે મને કવિ કે ચિત્રકાર કેમ ન બનાવી ? પરીની પાંખ જેવા કે પ્રભાતના આકાશ જેવા સુંદર ગુલાબી રંગના ફૂલથી તે પીચનાં ઝાડ ઢંકાઈ ગયાં હતાં. અને ધીરો ધીરો મીઠો પવન આ ફૂલ સાથે પ્રેમ કરતો હતો. પવનના આગમનથી મૂંઝવાઈ, ફૂલની અસંખ્ય પાંખડીઓ ધરતી ઉપર ખરી પડતી હતી; તે પાંખડીઓની સુંવાળી શય્યા વસંતવાયુ માટે તૈયાર થયેલી જણાઈ, અને આકાશમાંથી દેવો પુષ્પવૃષ્ટિ કરે તેમ ઝાડ ઉપરથી પાંખડીઓનો વરસાદ સતત વરસ્યા જ કરતો હતો !

આ વાંચીને કુટુંબના મિત્ર કવિવર ઉમાશંકરભાઈ જોષીએ કહ્યું હતું :

"ભગવાને જેને આવું ઊર્મિતંત્ર આપ્યું હોય તેને કવિ જ કહેવાય ને ?"

પિતામહ મહિપતરામ નીલકંઠ અને માતા-પિતા વિદ્યાબહેન અને રમણભાઈ નીલકંઠ – જેમની પાસેથી વિનોદિનીબહેને સામાજિક સંકુચિતતા અને ધર્મમાં ઘર ઘાલી ગયેલા વહેમ-વળગાડો વિષે જાણ્યું. અને તેવાં દૂષણો થકી રૂંધાતા સમાજ વિષે સજાગતા ગળથૂથીમાંથી કેળવી. ધર્મને નામે ઓતપ્રોત થયેલાં ઘણાં વહેમ-વળગાડ અને અંધશ્રદ્ધાને પોતાના કૌટુંબિક વ્યવહારોમાંથી દૂર કરવા પ્રયત્નો જારી રાખ્યા.

કુટુંબના ઘણા બધા લગ્ન પ્રસંગોએ ઘડી-ચોઘડિયાનાં મુહૂર્તો – શુભ અને અશુભ કાઢવાનું ટાળ્યું. પોતાની દીકરી અને પુત્રોનાં લગ્ન પ્રસંગોએ મુહૂર્ત ન કઢાવ્યાં. વિદ્યાબહેને રચેલાં મંગળાષ્ટકમાં ગાયું છે કે

"જે વેળાએ પ્રભુનું શુભ નામ લેવાય તે જ વેળા શુભ ગણાય :"

મંગળાષ્ટકનું છેલ્લું ચરણ જુઓ :

**"જે વેળા શુભનામ મંગળ ભણે, સર્વે પરબ્રહ્મનું,**
**તે વેળા શુભ લગ્ન છે, શુભ ઘડી, નક્ષત્ર તારા બળ,**
**તે વેળા અનુકૂલ સર્વગ્રહ છે, છે શ્રેયકારી ફલ,**
**બોલો શ્રી જયદેવ દેવ, સઘળા નિત્યે કરો મંગલ."**

નાટકની વાતો નીકળે તો મને યાદ આવે છે કે શિષ્ટ નાટકોમાં ઊંડો રસ લેતાં વિનોદિનીબહેન પોતાને ઘેર સગવડ હોઈ, નાટકોના રિહર્સલની ગોઠવણ – અનુકૂળતા કરાવતાં. અસંખ્ય એકાંકી નાટકોનાં રિહર્સલ અમારે ઘેર થતાં. આ બધાંમાં મનુભાઈનો ટેકો તો હોય જ. જયંતિભાઈ પટેલ, અરુણભાઈ ઠાકોર, દીનાબહેન ગાંધી, ભાનુભાઈ ચોકસી,

મોહનભાઈ ઠક્કર અને મુખ્યત્વે જયંતિભાઈ દલાલ તો હાજર હોય જ! કોઈક વાર ધનસુખલાલ મહેતા અને ક્યારેક ચં. ચી. મહેતા પણ આવી જતા !

વિનોદિનીબહેન પોતે પણ અવેતન રંગભૂમિનાં નાટકોમાં ભાગ લેતાં.

નાનાલાલકૃત અપદ્યાગદ્ય 'જયા-જયંત' હોય કે કનૈયાલાલ મુન્શીલીખિત 'લોપા-મુદ્રા' હોય.

રમણભાઈ નીલકંઠરચિત 'રાઈનો પર્વત' એક વાર પ્રેમાભાઈ હોલમાં ભજવાતું મારી નજર સમક્ષ આવે છે. સંસ્કૃત નાટ્યઢબે લખાયેલા આ સીમાચિહ્નરૂપ નાટકમાં વિનોદિનીબહેન જાલકા-માલકાનું પાત્ર ભજવી રહ્યાં છે. રાઈ – જગદીપદેવ કુંવર કોણ બન્યું હતું તે હું વીસરી ગયો છું. જાલકા એ વેશધારિણી ''અમૃતદેવી'' મહારાણી છે અને રાઈ તેનો પુત્ર છે. સ્વર્ગસ્થ રાજા રત્નદીપદેવની પત્ની જાલકા, પુત્રને કપટથી રાજા બનાવવાની યુક્તિ કરી. પુત્ર રાઈને અસત્ય બોલવા સમજાવી રહી છે. વિનોદિનીબહેનનો પ્રિય સંવાદ આજે મને યાદ આવે છે.

રંગિણી નદીના કિનારે તારાનું પ્રતિબિંબ જોઈ રાઈ સ્વગત બોલી રહ્યો છે :

**''આ તારકો પ્રતિબિંબ દ્વારા જલ વિશે ઉતરી ગયા !**
**ખેંચે નદીનો વેગ તોય સ્વસ્થલે તે દૃઢ રહ્યા !**
**મુજ અંતરે પ્રતિબિંબમાં કંઈ જ્યોતિઓ જે ઝગઝગે !**
**શું જાલકામતિવેગમાં જાશે તણાઈ સર્વ તે ?''**

રાઈને અસત્ય બોલવાનો હઠાગ્રહ જારી રાખીને જાલકા રાઈને કહે છે :

**''જેને રાજ્ય કરવું હોય તેને અસત્ય વિના ચાલે જ નહિ.''**

રાઈ કહે છે :

**''જગત આખા તણું રાજ્ય ચલાવે પ્રભુ સત્યથી !''**

જાલકાનો ઉત્તર છે :

**''એવું માત્ર હશે કોઈ પુસ્તકોમાં લખ્યું કદી !''**

અંતે સાચા નિર્ણય ઉપર આવતાં રાઈ પ્રભુપ્રાર્થના કરતો કહે છે :

**''સન્મતિ પ્રેરિ છે જેવી, આપજો બલ તેહવું,**
**કે હું સર્વસ્વ છોડીને તમને વળગી રહું !''**

કુટુંબના અંગતમિત્ર અને વડીલ, જીકાકા, સ્વ. ડૉ. કાન્તિલાલે વિનોદિનીબહેનને રમણભાઈની ઢબે સ્મરણાંજલિ આપતાં લખેલું :

**''તમ સંગથી મુજ જીવનમાં, જે જે મને છે સાંપડ્યું...**
**અધિકારી હું તેનો નથી, પ્રભુનો અનુગ્રહ સમજું છું.''**

અમારાં માતા-પિતાની આ સ્મૃતિસંધ્યા પ્રસંગે મેં અમારી Autograph book ફરીથી ઉથલાવી, ત્યારે વાંચ્યું :

(૧) પુણ્યશ્લોકી વિદ્યાબહેને તેમાં લખ્યું હતું :

**'પ્રભુ પ્રેમમાં સહુ પ્રેમનો પ્રબંધ'', વિદ્યાબહેનના આશીર્વાદ**

(૨) માતામહ રમણભાઈ નીલકંઠ વતી, વિનોદિનીબહેને રાઈના પર્વતમાંથી ટપકાવ્યું હતું :

**માતૃત્વ પ્રભુએ સર્જી ઉપજાવ્યો મીઠો ઝરો;**
**કૃતજ્ઞતા, દયા, સ્નેહ સિંચાત નહિ, તે વિના !**

(૩) અમારા પિતા મનુભાઈએ લખ્યું હતું :

**બહાદુરીથી જીવવામાં જ જિંદગીની ખરી મઝા છે**

(૪) અને માતા વિનોદિનીબહેને લખ્યું હતું :

**આવો ફૂલડાં મધુરાં રે,**
**આપણ રંગે રમીએ.**

માતા-પિતાનાં જૂનાં સ્મરણોની તાજી થતી સુવાસ આજે મને ભાવવિભોર કરે છે; હું પેલી કડી સંભારી ઊઠું છું :

**''માણ્યું તેનું સ્મરણ કરવું તેય છે એક લહાણું.''**

r

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## શ્રી મોહનલાલ પટેલની પરિપક્વ કલમે લઘુકથાસ્વરૂપ વિશે યોગ્ય પરિચય કરાવતો મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ | પ્રેમજી પટેલ

[**'લઘુકથાસ્વરૂપ : પરિચય'** : મોહનલાલ પટેલ, આદર્શ પ્રકાશન, ૨૦૦૭, પૃ. ૧૬૦, કિં. રૂ. ૧૦૦/-]

ગુજરાતીમાં 'લઘુકથા'સ્વરૂપના જનક એવા શ્રી મોહનલાલ પટેલે લઘુકથાઓ ઉપરાંત નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, નિબંધો, પ્રવાસો, ચરિત્રો, અનુવાદો, વિવેચનો, શૈક્ષણિક લેખો, સંપાદનો ઇ. વિવિધ પ્રકારે પ્રદાન કરેલું છે. તેમનાં બધાં મળીને પચાસ કરતાં વધારે પ્રકાશનો થયાં છે. ઉપરાંત અંગ્રેજીમાં પણ ત્રણેક ગ્રંથો પ્રકાશિત કર્યા છે. શ્રી મોહનલાલે ગુજરાતીમાં લઘુકથાલેખનનો પ્રારંભ 'ડબલ સોપારી' (ઈ. સ. ૧૯૫૧) રચનાથી કર્યાનું નોંધ્યું છે. તેમના શરૂઆતના વાર્તાસંચય 'હવા તુમ ધીરે બહો'માં તેમણે આ પ્રકારની ચાર કૃતિઓ મૂકી ત્યાંથી શરૂ કરી આજસુધીમાં તેમના ત્રણ લઘુકથાસંગ્રહો સહિત લઘુકથાઓની સંખ્યા અંદાજે અઢીસો કરતાં વધારે થવા જાય છે. આમ ઇયત્તા અને ગુણવત્તા બન્ને દષ્ટિએ તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. લઘુકથાક્ષેત્રે કરેલા પ્રદાન વિશે 'ત્રણ લઘુકથાકારો' પુસ્તકમાં શ્રી ગણપત સોઢા નોંધે છે કે ''ગુજરાતી લઘુકથાના તેઓ જ પ્રથમ સંવાહક, પોષક, સંવર્ધક અને ઉન્નાયક છે. ખૂબ જ ઉલ્લાસ અને આનંદથી એમણે જ એનું માતૃ-કર્મ કીધું છે. લઘુકથા-વિભાવનાનું જેટલું 'સ્થિર' અને 'અખંડ' (steady and whole) દર્શન એમણે કર્યા કીધું છે એવું અન્યે ભાગ્યે જ કર્યું હશે'' (પૃ. ૧) તેની સાથે સંમત થતાં કહીશ કે તે વાત સાચી છે.

તેમના અનુસરણ અને અનુકરણ રૂપે આપણે ત્યાં લઘુકથાઓનું વિપુલ ખેડાણ થવા લાગ્યું એમાં ક્યાંક તેમની પ્રેરણા પણ પોષક બની છે. જોકે લઘુકથાઓના નામે જે લખાય છે એમાં 'નીંદામણ' વધારે છે – એય સ્વીકારવું રહે. મોહનલાલ પટેલની કર્મ-ભૂમિ કડી નગરમાંથી પંદરેક (અંદાજે) લઘુકથાકારો સક્રિય રહ્યા છે, તેથી સિદ્ધ વિવેચક શ્રી રાધેશ્યામે કડીને 'લઘુકથા નગરી'થી નવાજી છે. કડીના જાગ્રત અને ઉદાર નાગરિકોએ મોહનલાલ પટેલની કદર રૂપે ત્યાં ચાલતા એક 'સાહિત્યવર્તુળ' સાથે તેમનું નામ જોડ્યું. આ સાહિત્ય-સંસ્થા ગુજરાતીમાં સર્જન-પ્રકાશનક્ષેત્રે અવનવી પ્રવૃત્તિ કરતી રહી છે. '૪૦ લઘુકથાઓ', 'કથાસેતુ', 'લઘુકથાવિશેષ' ઇ. પુસ્તકો તેનું પરિણામ છે. તે દ્વારા લઘુકથાસ્વરૂપના ઘડતરમાં યોગ્ય પ્રયાસ થયો છે, તેટલું અવશ્ય નોંધી શકાય. તદ્દુપરાંત શ્રી મોહનલાલ પટેલે ગુજરાતીમાં પ્રકાશિત થતા ઘણાબધા લઘુકથાસંચયોની પ્રસ્તાવનાઓ લખી છે. તેમાં તેઓએ જે તે સર્જકની રચનાઓને સ્વરૂપગત માપદંડોથી તપાસવાનો નિષ્ઠાભર્યો પ્રયત્ન કર્યો છે. આમ આ સર્જકે લઘુકથાસ્વરૂપને પોષક-પ્રેરક બને એવાં અને એટલાં લાડ કર્યાં જ છે. આ પ્રયાસો લઘુકથાસ્વરૂપની સમજને પ્રસારવાની મથામણનો જ આલેખ છે – એમ કહી શકાય. ગુજરાતી ભાષા માટે આ એક ગૌરવપૂર્ણ હકારાત્મક (positive) ઘટના તરીકે ઉલ્લેખપાત્ર છે. આ સ્વરૂપની તેમની સાધના તેઓને અભિનંદનના અધિકારી ઠરાવે છે.

તેમની આવી પરિપક્વ – અનુભવી કલમની નીપજ રૂપે આલેખાયેલ આ ગ્રંથ ('લઘુકથાસ્વરૂપ : પરિચય') લઘુકથાસ્વરૂપનો પરિચય કરાવતો મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ બની રહે તેટલો સમૃદ્ધ છે. ગ્રંથની શરૂઆતમાં પ્રસ્તાવનાલેખ 'આરંભે'માંથી પસાર થનાર વાચકને લઘુકથાસ્વરૂપ પ્રત્યેનો તેમનો લગાવ (કે પ્રેમ) સ્પર્શી જાય તેમ છે. તેમણે નોંધ્યું છે 'સંકલ્પ' તો આ સ્વરૂપની સૈદ્ધાંતિક મીમાંસા કરવાનો હતો ''પણ અનુભવે સમજાયું કે લઘુકથા સ્વરૂપની સામાન્ય જાણકારી પણ હજુ પૂરતા પ્રમાણમાં વ્યાપક બની નથી ત્યારે આ તબક્કે શુદ્ધ સૈદ્ધાંતિક ચર્ચા ઝાઝી અર્થસાધક ન બનવાનો સંભવ છે.'' તે કારણે તેમણે લઘુકથાસ્વરૂપનો પરિચય કરાવવાની ભૂમિકા રાખી છે, તેટલું જ નહીં પણ તે 'અધ્યાપકીય' રીતે યાને કે જરૂરી ઉદાહરણોસહ વાતને રજૂ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

આંખને ગમી જાય તેવા આ પુસ્તકના અનુક્રમને જોતાં જે-તે વિષયનું પ્રકરણવાર થયેલું આયોજન તરત ધ્યાન પર આવી જાય. લઘુકથાસ્વરૂપનાં અનેકવિધ પાસાંઓના પરિચય માટે ક્રમશઃ એક એક અલગ પ્રકરણમાં વિભાજિત કરી આલેખવાનું રાખ્યું છે. ગ્રંથને અગિયાર પ્રકરણોમાં રજૂ કર્યો છે – તે આ પ્રમાણે છે ૧. ઘટના અને સિચ્યુએશન ૨. સાહિત્યપદાર્થ ૩. સંવેદન ૪. પરખ ૫. વસ્તુ (Theme) ૬. લાઘવ ૭. પાત્રાલેખન ૮. ભાવકની સજ્જતા ૯. સમગ્ર છાપ (Totality of Effect) ૧૦. આસ્વાદ ૧૧. સંદર્ભ અને છેડે ત્રણ પરિશિષ્ટો જોડ્યાં છે. આ દરેક પ્રકરણમાં લઘુકથા સ્વરૂપવિષયક એક-એક મુદ્દો ઉચિત ચર્ચાથી સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો છે. જે-તે મુદ્દાની છણાવટ કરતાં ગુજરાતી (કે અન્ય ભાષાની) લઘુકથાઓના નમૂનાઓને જે-તે સંદર્ભે આસ્વાદનશૈલીમાં મૂકતા જાય છે. તેનાથી વાચકને મૂળ કૃતિનો રસાસ્વાદ મળ્યાનો રસાનંદ પણ થાય છે.

'ઘટના અને સિચ્યુએશન' નામના પ્રથમ પ્રકરણમાં લખે છે કે 'ઘટના દ્વારા ક્ષુબ્ધ થયેલા ચિત્તમાં નિર્માણ પામેલી ભાવપરિસ્થિતિ લઘુકથાના જન્મનું કારણ બને છે.' તેને કેન્દ્રમાં રાખી વિવિધ લઘુકથાઓનો સરસ આસ્વાદ કરાવતા જઈ તેનતે સમર્થિત કરી આપ્યો છે. સાથે સાથે તેની સાચી સમજ આપવા ઉચિત પ્રયાસ કર્યો છે. તે સંદર્ભે 'સ્પર્શ' (મોહનલાલ પટેલ), 'મખમલી મોતી' (પ્રેમજી પટેલ), 'ઘા' (જનક ત્રિવેદી), 'પોતીકું' (હરીશ મહુવાકર), 'છાપું' (મોહનલાલ પટેલ) વગેરે રચનાઓનો આસ્વાદ પણ થતો ગયો છે. પરિભાષાના ચોકઠામાં બંધાયા વગર સરળ રીતે આખો લેખ કર્યો છે.

'સાહિત્યપદાર્થ' નામના બીજા પ્રકરણમાં સાહિત્યની ઓળખ આપતાં તેની પ્રથમ શરત કોઈ પણ સ્વરૂપની કૃતિમાં માનવજીવનના રહસ્યનું પ્રકટીકરણ...' છે. તે કહી લઘુકથાસ્વરૂપ પણ તે મુજબ સાહિત્ય છે. હા, તે 'ચક-બાલ-ચિત્ર' એટલે કે સંવેદનનું ઉત્તમ ભાવચિત્ર છે. સર્જકની યોગ્ય પ્રતિભા વગર તેનું સર્જન અસંભવિત છે. આ સાથે ટૂંકી વાર્તા અને સાહિત્યના અન્ય 'ઇઝમ'ના સંદર્ભે વાતને તપાસી આપી છે. તે નિમિત્તે અહીં 'યુદ્ધવિરામ' (મોહનલાલ પટેલ) તથા ઈશ્વર પરમારની લઘુકથાઓના રસવિશ્વને ખોલી આપ્યું છે. 'સંવેદન' શીર્ષક હેઠળ લખેલા ત્રીજા પ્રકરણમાં લઘુકથા એટલે 'ઊર્મિકથા' કહી તેનું કેન્દ્ર 'સંવેદન' છે તે દાખલાઓ આપી સ્પષ્ટ કર્યું છે. 'વહેલી પરોઢનું સપનું' (મોહનલાલ

પટેલ), 'હાથ' (મહેન્દ્ર જાવિયા), 'દિગ્ભ્રાન્ત' (મોહનલાલ પટેલ) ઇ. કૃતિઓનાં સંવેદનોને ખોલી આપ્યાં છે.

'લઘુકથાની પરખ સરળ નથી' એવું નોંધી તેના સંદર્ભે કૃતિનાં કદ કે વિસ્તારનું મહત્ત્વ નથી. તે વાત સ્પષ્ટ કરવા પ્રસિદ્ધ સર્જક ચિનુ મોદીની કૃતિ 'ભૂરી ભૂરી બે આંખો', મોહનલાલ પટેલની 'જાકારો', 'ઑનર બોર્ડ' ઇ.નો વિગતે આસ્વાદ કરાવ્યો છે. વધારામાં ટૂંકી વાર્તા, ટુચકો, વ્યંગ્યકથા, પ્રસંગકથા, રૂપકકથા વગેરેની લઘુકથા સાથે કેવી ભેળસેળ થઈ જાય છે તે પણ સ્પષ્ટ કર્યું છે.

લઘુકથાની 'વસ્તુ' Theme – વિશે ચર્ચા કરતું પ્રકરણ અગાઉની જેમ ચર્ચા કરે છે પણ અહીં જે ઉદાહરણો મૂક્યાં છે તે ગુજરાતી ભાષાની સાથે અન્ય ભારતીય ભાષાઓની લઘુકથાઓનાં હોઈ વાચકને વિશેષ લાભ થાય છે. એમાં પંજાબી સર્જક અશોક ભાટિયાની 'રિશ્તે', રમેશ બત્તરાની 'ચલોગે ?', યોગેન્દ્ર દવેની 'દૂસરા જંગલ' તથા પશ્ચિમ બંગાળની 'ફર્ક' અને મોહનલાલ પટેલની 'પ્રત્યાલંબન' વગેરે કૃતિઓના અસરકારક વસ્તુની ઉચિત ચર્ચા કરી છે.

'લાઘવ' શીર્ષક હેઠલ પ્રકરણ-૬માં લખે છે : 'કૃતિના ઉદ્ભવ સાથે જ એના વિસ્તારની મર્યાદા નક્કી થઈ જાય છે.' (પૃ. ૫૯) આ વાતને ઉદાહરણોસહ યોગ્ય રીતે સુરેખ સમજાવી છે. તે રીતે સાતમું પ્રકરણ લઘુકથામાં 'પાત્રાલેખન'ની વાત કરે છે. લઘુકથામાં પાત્રાલેખન માટે 'ઘડતરનો અવકાશ' ઓછો છે, સાવ સાચી પણ અશક્ય નથી. વળી તે અન્ય સાહિત્યપ્રકારની કળાકૃતિઓ કરતાં પાત્રાલેખન બાબતે સહેજ પણ ઊણી રહેતી નથી – એમ સ્પષ્ટ કર્યું છે.

આઠમું પ્રકરણ 'ભાવકની સજ્જતા' અંગે વાત કરે છે. કોઈ પણ કળાકૃતિને આસ્વાદવા માટે ભાવકે સજ્જ હોવું જોઈએ. લઘુકથા એક કળાકૃતિ હોવાથી તેને સમજવા કે આસ્વાદવા માટે તેની પાસે 'ભાવયિત્રી પ્રતિભા' હોવી જોઈએ. તે 'સહૃદય'ભાવક હોય તો કળાકૃતિના ધ્વન્યાર્થ સુધી પહોંચી શકે. તે વાત પ્રેમજી પટેલની 'છાપ', પ્રફુલ્લ રાવલની 'લક્કડખોદ', ઇજ્જતકુમાર ત્રિવેદીની 'વામન' વગેરે રચનાઓનાં ભાવસ્તરો ઝીણવટથી ખોલવાની ધીરજ અને સજ્જતાની નોંધ કરે છે. સાથે સાથે જે-તે કૃતિના સૌન્દર્યવિશ્વનાં એકાધિક પડો ખોલી બતાવતા જાય છે. અહીં આ કૃતિઓમાં ઉપકરણોનો કેવો સચોટ વિનિયોગ કર્યો છે તે તથા તેના લીધે તેના રસવિશ્વને પામવા ભાવક સજ્જ હોવો જોઈએ... તે વિગતે સમજાવ્યું છે.

'સમગ્ર છાપ' પ્રકરણમાં નોંધે છે કે 'માનવીના ભાવવિશ્વ સાથે નિસબત ધરાવતું કોઈ પણ રહસ્ય માનવીને એકસરખું પ્રિય હોય છે.' (પૃ. ૯૩) ટૂંકી વાર્તા કે લઘુકથા – બન્ને દ્વારા ભાવકચિત્ત પર અંકિત થતી મુદ્રા સરખા પ્રમાણમાં આનંદ આપે છે. કારણ કે લઘુકથા પણ માનવજીવનનાં રહસ્યો છતાં કરે છે, કરી શકે તેટલું સમર્થ સ્વરૂપ છે. તે સાથે 'આલંબન' (રતિલાલ બોરીસાગર), 'તારોડિયું' (રમેશ ત્રિવેદી), 'ઢોરાં' (ઈશ્વર પરમાર), 'ઠેસ' (મોહનલાલ પટેલ) વગેરે લઘુકથાઓનું આસ્વાદન કરાવ્યું છે. આ કૃતિઓ મનુષ્યજીવનનાં કેવાં રહસ્યો પ્રગટ કરે છે તે દર્શાવ્યું છે.

છેલ્લા અગિયારમા પ્રકરણમાં આ ગ્રંથમાં ઉદાહરણો તરીકે ચર્ચામાં પરોવેલી મોહનલાલ પટેલની પંદરેક કૃતિઓ મૂકી છે. ભાવક સીધો જ તેની પ્રત્યક્ષ થઈ શકે તેવી અનુકૂળતા કરી આપી છે.

ત્યારબાદ ત્રણ પરિશિષ્ટ મૂક્યાં છે. પરિશિષ્ટ-૧માં 'ગુજરાતી લઘુકથા : કેફિયત અને ગતિવિધિ' શીર્ષકે સરસ લેખ આપ્યો છે. પ્રારંભે ગુજરાતી લઘુકથાના જન્મ-સમયના ચિત્રનો આલેખ ઉપસાવ્યો છે. એમાં ભગિની ભાષાઓમાં લઘુકથાસ્વરૂપની કેવી સ્થિતિ છે તે 'વિશ્વલઘુકથાકોશ' (સં. બલરામ) દ્વારા દર્શાવતી ચર્ચા કરી છે. પ્રારંભના તબક્કામાં ગુજરાતી લઘુકથાના માર્ગમાં કેવાં વિઘ્નો આવ્યાં તે તથા અત્યારના સમયમાં પણ કેવી અડચણો છે તેની વાત કરી છે. તે સ્વરૂપની કેવી અવગણના થયા કરે છે તેનું ચિત્ર સ્પષ્ટ અને ઉચિત આલેખી આપ્યું છે. જોકે તેમણે 'કારણ જે હોય તે પણ આ સ્થિતિ ચિંતાજનક છે' (પૃ. ૧૪૭) કહી આ નકારાત્મક વલણ દરેક ક્ષેત્રે હોય છે તેય વિગતે કથ્યું છે. ત્યારબાદ લખે છે કે ''આરંભકાળથી જ બર્ફીલા વાતાવરણમાં ફૂટેલા અંકુર (Thaw)ની જેમ ટકી રહીને ગુજરાતી લઘુકથાએ પ્રતિકૂળ સંજોગોમાં સંઘર્ષ વેઠીને વિકાસ સાધ્યો છે.' (પૃ. ૧૪૮). એના વિકાસમાં કડીના 'સાહિત્યવર્તુળ' તથા ભાવનગરની 'ગદ્યસભા'ના પ્રદાનની નોંધ લીધી છે. ઉપરાંત ગુજરાતી સામયિકોની ઉલ્લેખપાત્ર ભૂમિકા પણ દર્શાવી આપી છે. તે સાથે ગુજરાતી લઘુકથાસંદર્ભે 'કુમાર'ના તે વખતના દૃષ્ટિવંત સંપાદક-તંત્રી સ્વ. બચુભાઈ રાવત સાથે થયેલ પત્રચર્ચા – જે-તે પત્રો મૂકી આપી ભાવકને તેનો લાભ કરાવ્યો છે. તેનાથી ગુજરાતીમાં 'લઘુકથા'ની પ્રારંભિક અવસ્થાના સંઘર્ષ અને સમજ ઉપર પ્રકાશ પડે છે. ઉપરાંત ગુજરાતીમાં લઘુકથાક્ષેત્રે કેવું ચિત્ર ઊપસ્યું તેની સચોટ સ્થિતિ દર્શાવી નોંધ્યું છે કે ''આ સ્થિતિમાંથી ઊગરવાનો એક જ માર્ગ – વિવેચકો પોતાનાં ભવાં નીચે ઉતારે અને અભ્યાસીઓ, અડધી સદી જેટલા સમયથી સાહિત્યાકાશમાં પ્રવેશ પામી ચૂકવા છતાં નવા પ્રકારના નામે નિંદાતા આ સ્વરૂપનો અભ્યાસ કરી એની મીમાંસા કરવા અભિમુખ બને.' (પૃ. ૧૫૦)

આ આખો લેખ સમગ્ર ગતિવિધિને સમજાવતો સચોટ લેખ બન્યો છે – તે નોંધવું રહ્યું. પરિશિષ્ટ-૨ 'હિન્દી લઘુકથા'નો આલેખ આપે છે. તે વ્યંગ્યકથા કે ટુચકા કે અન્ય સ્વરૂપમાં કેવી સરી જાય છે / ઢળી જાય છે તેને ઉચિત દર્શાવી આપી છે. પરિશિષ્ટ-૩માં મોહનલાલ પટેલની 'લઘુકથા' શીર્ષક હેઠળ છપાયેલી પ્રથમ રચના 'શાળાનો રિપૉર્ટ' ('કુમાર'માં) મૂકી છે.

આમ, આ પુસ્તક વાચકને લઘુકથાસ્વરૂપ વિશેની યોગ્ય સમજ સ્પષ્ટ કરી આપે છે. મોહનલાલ પટેલની પરિપક્વ સમજ અને નિષ્ઠા તેમના એકેએક વાક્યમાં વર્તાય છે. લેખકે શક્ય એટલા પ્રામાણિકપણે આ સ્વરૂપનો પરિચય કરાવ્યો છે. આ પરિચય 'અધ્યાપકીય' રીતે કરાવ્યો છે, છતાં કંટાળો આપે એવું, ગંભીર અને અપાચ્ય કે પારિભાષિક મુદ્રાવાળું ક્યાંય નથી, તેનું કારણ મોહનલાલે ભાવકની ભૂમિકાએ (સમાંતર) રહી – આસ્વાદશૈલીમાં, સરળ ભાષામાં આખું કાર્ય પાર પાડ્યું છે. આટલું સરળ ભાષામાં – સ્પષ્ટ કરતા જવું એ ઓછા શ્રમની વાત નથી. આમ લઘુકથાસ્વરૂપનો, તેનાં સઘળાં પાસાંઓનો ઉદાહરણોસહ પરિચય આપવાનો વિશદ પ્રયત્ન કર્યો છે. સાથે સાથે લઘુકથા- સ્વરૂપની આપણે ત્યાં કેવી ગતિવિધિ થઈ રહી છે તે અને તેની હાલની સ્થિતિ પણ દર્શાવી આપી

છે. ગુજરાતી ઉપરાંત હિન્દી – રાષ્ટ્રભાષામાં આ સ્વરૂપમાં કેવી ભેળસેળ થતી રહી છે તેની વાત પણ કરી આપી છે. ગુજરાતી ભાષામાં લઘુકથાસ્વરૂપ વિશેનો આટલી સરળ અને સ્પષ્ટ રીતે વિશદ ચર્ચા કરતો – પરિચય કરાવતો ગ્રંથ હાલમાં તો બીજો નથી તે અર્થમાં અદ્વિતીય જ ગણાય. લેખકની ઊંડી સૂઝમાંથી પ્રગટેલું, પરિપક્વ ફળ છે એય એટલું ચોક્કસ. હા, ક્યાંક થાય કે બીજું પ્રકરણ પ્રારંભે ગોઠવ્યું હોત કે પ્રથમને બીજા નંબરે મૂક્યું હોય તો... કે સાતમાને... એ માત્ર વ્યવસ્થાનો પ્રશ્ન ગણાય. વાંચ્યા પછી કહેવાનું મન થાય કે આપ લઘુકથાસ્વરૂપ વિશેનું – સૈદ્ધાંતિક ચર્ચા કરતું પુસ્તક આપો જ આપો. આ ગ્રંથ દ્વારા આપે આ સ્વરૂપ નિમિત્તે ગુજરાતી ભાષાની નોંધપાત્ર સેવા કરી છે, અગાઉ પણ આપે ‘ટૂંકી વાર્તા : મીમાંસા’ નામે સૈદ્ધાંતિક ગ્રંથ આપેલો તેનો સ્વાદ એવો ને એવો છે. આવો મહત્ત્વપૂર્ણ ગ્રંથ આપવા બદલ આપને અભિનંદન... અભિનંદન... !

## શ્રમસાધ્ય સંશોધિત સમ્પાદન : ‘દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ’

**ડૉ. બિપિન આશર**

[**‘દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ’** : સંપાદક : શાન્તિભાઈ આચાર્ય, પ્રકાશક : શ્રી ઝવેરચંદ મેઘાણી લોકવિદ્યા સંશોધન ભવન, અમદાવાદ, વિક્રેતા : ગૂર્જર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૧, પૃ. ૨૦૨, કિં. રૂ. ૧૫૦/-]

દક્ષિણ ગુજરાતનાં વનવાસી સાહિત્ય અને ભાષાના ઊંડા અભ્યાસી સંશોધક ડૉ. શાન્તિભાઈ આચાર્યસમ્પાદિત ‘દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ’માં સોળ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. વનવાસી સમાજમાં કંઠસ્થ પરમ્પરાથી કહેવાતી વાર્તાઓને સાંભળવી, સમજવી, તેનું ધ્વનિમુદ્રણ કરીને લિપિબદ્ધ કરવી અને પછી તેનું ગુજરાતી ભાષાન્તર કરવું – એ આખીય પ્રક્રિયા એક બિનવનવાસી સંશોધક માટે જેટલી શ્રમસાધ્ય છે એટલી જ આગવી સૂઝ-સમજ-સજ્જતા અને સંશોધનનિષ્ઠા માગી લે છે. ડૉ. શાન્તિભાઈ આચાર્ય વનવાસી ભાષાસાહિત્યને પોતાના સંશોધન-સંપાદનનું કાર્યક્ષેત્ર બનાવીને, જીવનના ચારેક દાયકાઓ આ ક્ષેત્રને સમર્પિત કરે તે વનવાસી કંઠસ્થ પરમ્પરાના સાહિત્યની જ નહીં, ભારતીય કંઠસ્થ પરમ્પરાના સાહિત્યની એક બહુ મોટી સાહિત્યિક અને સાંસ્કૃતિક ઘટના છે. આજનાં આરામદાયક સમ્પાદનો સામે આ સંશોધિત સમ્પાદન મૂકીએ છીએ ત્યારે બન્ને વચ્ચે રહેલા જમીન-આસમાન જેવા તફાવતનો ખ્યાલ આવે છે.

અહીં માત્ર સોળ વાર્તાઓ જ સમ્પાદિત કરવામાં આવી હોત તો પણ આ સમ્પાદનકાર્યની નોંધ લેવાઈ હોત, પરંતુ સમ્પાદકે વાર્તાસમ્પાદન ઉપરાંત વાર્તા પૂર્વે પચાસ પૃષ્ઠનો દીર્ઘ સમ્પાદકીય લેખ પણ મૂક્યો છે જે વાર્તાઓને સમજવાની ભૂમિકા પૂરી પાડે છે. આ દીર્ઘલેખમાં દક્ષિણ ગુજરાતમાં આવતા છ જિલ્લાઓ – ભરૂચ, વલસાડ, ડાંગ, સુરત, નર્મદા અને નવસારીનાં ભૂપૃષ્ઠ, ખેતીવાડી, ઉદ્યોગ, અગત્યનાં સ્થળો આદિની માહિતી આપીને સંશોધકે ડાંગ જિલ્લામાં આદિવાસીઓ ક્યાં ક્યાં વસે છે, કયા જિલ્લામાં કેટલા આદિવાસીઓ છે, આદિવાસીઓમાં કેટલી જાતિ છે અને આ જાતિઓમાં કૂંકણાઓનું સ્થાન કેવું છે એ વિશે સાધારણ માહિતી આપી છે. આ સાથે જ કૂંકણા જાતિના જીવનચક્ર સંદર્ભે જન્મ, નામકરણવિધિ, કુંવારાં છોકરાં-છોકરી વચ્ચેના પ્રેમ-સેક્સ સમ્બન્ધો અને સમાજનું આ સમ્બન્ધ પ્રત્યેનું કૂણું વલણ, લગ્નપ્રથા- વિધિ, મૃત્યુવિધિ, ધાર્મિક જીવન, વિભિન્ન રીતરિવાજો, શ્રદ્ધા-અંધશ્રદ્ધાઓ, માન્યતાઓ, મેળાઓ – હોળી, દિવાસો, નાગપાંચમ, અગારી, દિવાળી જેવા તહેવારો અને તેની થતી વિશિષ્ટ ઉજવણીની સંશોધનાત્મક માહિતી પૂરી પાડી છે.

સંશોધકે વનવાસી કંઠસ્થ પરમ્પરામાં કહેવાતી આ વાર્તાઓ ડાંગાદિ પ્રદેશોના કયા કયા કથકો પાસે, કયા કયા સ્થળે સાંભળીને ધ્વનિમુદ્રણ કર્યું હતું તેના પ્રતિ પણ સંકેત કર્યો છે. અહીં સમ્પાદિત કરવામાં આવેલી વાર્તાઓ ત્રણ કથકો પાસેથી એકત્રિત કરાઈ છે : એક, આહવા નજીક ખાતડ ગામના વતની જગુભાઈ દસરુ ભોય છે; બે, ડાંગના વતની રતનભાઈ ભીમભાઈ ભોય છે; ત્રણ, વ્યારા તાલુકાના સૂરજભાઈ મંગળભાઈ કૂંકણા છે. આ કથકોની કથનકલા અને સ્મૃતિની મર્યાદા પણ ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે વિઘ્નરૂપ બની હતી તેનો પણ સંશોધકે નિર્દેશ કર્યો છે. આ ઉપરાંત પ્રત્યેક વાર્તાઓના ફલિતાર્થો અને સારાંશ પણ, અહીં મૂકવામાં આવ્યા છે જે સંશોધક-સમ્પાદકના વિષય પ્રત્યેના લગાવના અને તેમણે કરેલા ઊંડા અભ્યાસના દ્યોતક બની રહે છે.

આ વાર્તાઓનું સમ્પાદન સંશોધકના સંશોધનકાર્યની આડપેદાશ જેવું છે. સંશોધકનું મુખ્ય લક્ષ્ય તો વનવાસી ભાષાનો અભ્યાસ કરવાનું છે, પરંતુ આ ભાષાનો અભ્યાસ કરવા માટે લોકોના સંપર્કમાં આવવાનું બન્યું ને તેના કંઠસ્થ પરમ્પરાના સાહિત્યનો અભ્યાસ કરવાનું બન્યું. આ રીતે આ વાર્તાઓ એકત્રિત કરવામાં આવી છે. સંશોધકના સંશોધનકાર્યનો અણસારો – સંકેત આ ગ્રંથમાં, અંતે, મુકાયેલાં ત્રણ પરિશિષ્ટોની સામગ્રી પર નજર કરતાં મળે છે. પ્રથમ પરિશિષ્ટમાં ‘ડાંગની કૂંકણીનું નમૂનારૂપ ભાષા વિશ્લેષણ’ કરવામાં આવ્યું છે. બીજા પરિશિષ્ટમાં ‘સુરત વલસાડની કૂંકણીનું ભાષાવિશ્લેષણ’ કરવામાં આવ્યું છે. ધ્વનિ, રૂપ, વાક્ય, શબ્દાદિ સન્દર્ભે કૂંકણી ભાષાનું થયેલું વિશ્લેષણ સંશોધકની સંશોધનનિષ્ઠા સાથે ભાષા પરના પ્રભુત્વની ગવાહી પૂરે છે. પરિશિષ્ટ-૩માં કૂંકણી ભાષામાં પ્રવર્તતા વિસ્તારભેદોના કેટલાક શબ્દો-પ્રયોગોને તેના ગુજરાતી અર્થો સાથે નોંધ્યા છે. આમ, સમ્પાદિત વાર્તાઓ પૂર્વે અને પછી જે સંશોધનાત્મક વિગતો મૂકવામાં આવી છે તે આ સમ્પાદનને દૃષ્ટિપૂત સમ્પાદન બનાવે છે.

હવે, આ સમ્પાદનમાં ગ્રંથસ્થ થયેલી વાર્તાઓમાં ડોકિયું કરીએ. આ વાર્તાઓને સામાજિક (Sociological), સાંસ્કૃતિક (Cultural) અને પરમ્પરાગત (Traditional) દૃષ્ટિકોણથી તપાસવામાં આવે તો આ વાર્તાઓની મહત્તા સમજાશે, અન્યથા આ વાર્તાઓ કાળગ્રસ્ત (out of date) થઈ ગયેલી લાગશે. અહીં માત્ર વાર્તાઓની આંતરસામગ્રી પ્રતિ સંકેત કરવાનો જ ઉપક્રમ છે.

કૂંકણા સમાજના લોકોની પારંપરિક પુરાકલ્પન માન્યતાઓ કહેવાતી કથાઓ દ્વારા કેવી રીતે જળવાઈ રહેતી તેનો સંકેત પ્રથમ ત્રણ વાર્તાઓમાં થયો છે. સર્જન અને વિસર્જન ઈશ્વરની ઇચ્છાથી થયા કરે છે. ‘જગબુડ’ (જળપ્રલય) વાર્તા વિસર્જનની પ્રક્રિયાને નિરૂપે છે. પૃથ્વી પર માનવવસંતી વધતા ભગવાનને ચિંતા થાય છે. ધર્મીઓ અને પાપીઓનો

વિવેક કરવો મુશ્કેલ છે તેથી જળપ્રલયમાં આખી દુનિયાને ડુબાડી દે છે, પરંતુ બચાવે છે માત્ર એક છોકરાને અને એક છોકરીને. જળપ્રલય બાદ આ બન્ને ભાઈબહેનને દેવદેવીઓ ધરતી પર મૂકે છે અને ફરી વસ્તીની વૃદ્ધિ થવા માંડે છે. ‘જળપ્રલય’માં વિસર્જનની લીલા પ્રતિ નિર્દેશ થયો છે, તો ‘માનુશ કાહા હુચના’ (માણસ કઈ રીતે પેદા થયો ?) વાર્તામાં સર્જનલીલાનો નિર્દેશ થયો છે. સતયુગમાં માત્ર દેવલોક હતો. આથી ભગવાનને માનવ બનાવવાની ઇચ્છા થતાં દેવકચેરી ભરીને કાળકાદેવીને માણસ બનાવવાની આજ્ઞા કરી. કાળકાદેવીએ, જોશીદેવ, બ્રહ્મદેવ અને સહાયદેવીને બોલાવી માણસ બનાવવા માટેની માટી ક્યાંથી લાવવી તે પૂછતાં તેઓએ કાળા માનદેવ અને કાળી માંગતી દેવને બોલાવીને તેઓની પાસેથી સૂંડલો મેળવવા ભગવાનને કહ્યું. દેવીએ સૂંડલો આપતાં ભગવાન અને કાળકાદેવીએ દરિયાકાંઠાની માટી ખોદી. માટીમાંથી માણસ બનાવ્યો, પરંતુ એકલો માણસ શું કરે ? ભગવાને તેના ડાબા પડખામાંથી માટી કાઢી સ્ત્રી બનાવી. પછી ભગવાને તે બન્નેને જંગલમાં મૂકી આવવા માટે મહાદેવને આજ્ઞા કરી. મહાદેવ બન્નેને જંગલમાં મૂકી આવ્યા. એ પછી તેમનામાંથી વસ્તી વધી. આમ, સર્જન પછી વિસર્જન અને વિસર્જન પછી સર્જનની પ્રક્રિયા ચાલતી જ રહે છે એવા ઐશ્વર્ય સત્યનો નિર્દેશ આ બન્ને વાર્તાઓમાં થયો છે.

કૂંકણાઓએ જાતિ તરીકે જે યાતનાઓ અનુભવી છે તેના મિશ્રણવાળી પુરાકલ્પના કથા ‘પાનદેવ-ગુંજવલા’ વાર્તામાં વણાયેલી છે. કુનબી કન્યા ગુંજવલા સાથે સ્વર્ગના પાનદેવ પ્રેમમાં હોવા છતાં તે નીચી જાતિની હોવાને કારણે તેના લગ્નમાં અનેક અવરોધો આવે છે. પરંતુ પાનદેવ પોતાની શક્તિના જોરે તેને પરણે છે એટલું જ નહીં પરંતુ તેને સ્વર્ગમાં પણ લઈ જઈને પોતાની સાથે રાખે છે. સામાજિક દૃષ્ટિએ ઉચ્ચ અને નિમ્ન જાતિ વચ્ચેનો જાતિભેદ ‘પ્રેમતત્ત્વ’, પુરુષાર્થ અને આત્મવિશ્વાસ દ્વારા કેવી રીતે દૂર કરી શકાય છે તેનું દૃષ્ટાંત આ વાર્તા બની રહે છે.

આ વાર્તાઓમાં માનવમૂલ્યોની મહત્તા પણ બતાવવામાં આવી છે. ‘મહાજગની ઓઠ’ (જબરા આળસુની વાત) વાર્તામાં ‘મહેનતનું ખાવું જોઈએ’ એવા મૂલ્ય પ્રતિ સંકેત થયો છે. આળસુ વ્યક્તિ ખેતરે જઈને ખેતી કરવા માંડે છે; મહેનત કરે છે. ભગવાન રાજી થાય છે અને તેના ખેતરમાં સોનાની ડૂંડી અને રૂપાના છોડ ઉગાડે છે. શંકર-પાર્વતી સોનાના બે ગોટા પણ મૂકી જાય છે. આળસુ તો તે સોનાના બે ગોટા ગામના શાહુકારને મોકલી દે છે. શાહુકાર તેને ગાડું ભરીને ચીજવસ્તુઓ આપે છે. આળસુ લેવાની ના પાડે છે. તે પોતાની સ્ત્રીને માત્ર નાગલીના રોટલા અને અળદની દાળ બનાવીને લાવવા કહે છે. બીજો એક શેઠ તેને છેતરે છે. બધા છોડ લઈ જાય છે. આળસુને રાજા ઘરજમાઈ બનાવે છે. ઘરજમાઈ બન્યા પછી તે પેલા શેઠને બોલાવીને, તેના પર પોતાને છેતર્યાનો બદલો લે છે. શેઠ પાસેથી બધું પાછું લઈ લે છે. રાજા તેને અર્ધું રાજપાટ આપે છે. આમ, પ્રામાણિકતા અને પરિશ્રમના મૂલ્યથી જીવનમાં કેવો લાભ થાય છે તેનું સૂચન આ વાર્તામાં થયેલું છે.

વચનપાલન અને જાનના ભોગે પણ વ્યભિચાર ન કરવો – એ પ્રકારનાં જીવનમૂલ્યો ‘રાજા અને રાનીની ગોઠ’ (રાજા અને રાણીની વાત) વાર્તામાંથી ધ્વનિત થાય છે. ભિક્ષુક રાજા પાસે રાજગાદી માગે છે અને રાજા રાજગાદી દેવાનું વચન આપે છે; એટલું જ નહીં, વચન પાળે પણ છે. રાજા-રાણી અને તેનો પુત્ર રાજ છોડી ચાલ્યાં જાય છે. રસ્તામાં ત્રણેય





છૂટા પડી જાય છે. રાજા કોઈ રાજદરબારમાં ન્યાયાધીશનું કામ કરવા માંડે છે. રાણી નદીમાં તણાતી તણાતી એક ડોસા-ડોસીને મળે છે. કુંવર ધોબી-ધોબણને મળે છે. કુંવર ધોબીના પુત્ર તરીકે રાજાનાં કપડાં લેવા જાય છે. કુંવરીની દાનત બગડે છે તે તેની સાથે વ્યભિચાર કરવા કહે છે. ધોબીનો પુત્ર અર્થાત્ કુંવર ના પાડે છે. કુંવરીનો અહમ્ ઘવાતાં ફરિયાદ કરે છે. રાજ્ય ધોબીના પુત્રને મારી નાખવા આદેશ આપે છે. પિતા ન્યાયાધીશ પુત્રને ઓળખી જાય છે અને પછી સાચી વાત બહાર આવે છે. રાજકુંવરી પસ્તાવો કરે છે. અંતે રાજકુંવરના કુંવરી સાથે લગ્ન કરાવાય છે અને તેમને અર્ધું રાજપાટ અપાય છે. આમ, વચનપાલન અને વ્યભિચાર ન કરવાના મૂલ્યની મહત્તા સિદ્ધ કરવા માટે વાર્તાનો સુખાંત આણ્યો છે.

‘સેલાં ની કોલાં’ (પાડું અને શિયાળ) સામાન્ય વાર્તા છે, પંચતંત્રના ગોત્રની છે. આમ છતાં તે બોધાત્મક બની રહે છે. દગો કરતાં કેવું બંધન ભોગવવું પડે છે તેનું દૃષ્ટાંત, પાડું અને શિયાળની મિત્રતાના સન્દર્ભે બનેલા પ્રસંગનું નિરૂપણ કરીને અપાયું છે. આ વાર્તા અપૂર્ણ હોય તેવું લાગે છે. મૈત્રીનું મૂલ્ય ‘દોસ્તી’ અને ‘ભાઈબંધી’ વાર્તામાંથી ધ્વનિત થતું જોવા મળે છે. આ બન્ને વાર્તાઓમાં માનવ અને પશુઓને મૈત્રીમાં જીવ આપી દેતાં નિરૂપ્યાં છે. મિત્ર પરની ચાર ઘાતોમાંથી પ્રધાનપુત્ર કુંવરને પોતે પથ્થરની શિલા બનીને પણ ઉગારી લે છે. પોતાના અજ્ઞાનને કારણે જીગરજાનની આવી દશા કર્યાના પસ્તાવારૂપ, પોતાના તાજા જ જન્મેલા કુંવરનું તે શિલા પર બલિદાન આપી, મિત્રને સજીવન કરે છે. પ્રધાનપુત્ર એ બાળકને કાળકા માતાજીની કૃપાથી સજીવન કરાવીને મિત્ર રાજકુંવરને પાછો સોંપે છે. આમ, મિત્ર માટે અહીં જીવની પણ પરવા કરવામાં આવી નથી. ‘ભાઈબંધી’ વાર્તામાં પણ આવું જ બને છે. સિંહણ ભાઈબંધી તોડીને ગાયને ખાઈ જતાં તેનાં જ બચ્ચાંઓ તેને મારી નાંખે છે ! એટલું જ નહીં, મા વગરના વાછરડાને ભીલો ખાઈ જતાં, તેને પોતે બચાવી ન શક્યાંના પસ્તાવારૂપ ભીલોને મારીને બચ્ચાંઓ પણ પોતાની જાતે જ મૃત્યુ પામે છે.

કુકર્મો કરનારાં થોડો વખત સુખમાં આળોટતાં દેખાય છે પરંતુ આખરે તો નીતિથી ચાલનારાઓનો જ વિજય થાય છે. આ પ્રકારના જીવનસત્ય – મૂલ્યને આલેખતી વાર્તા ‘અસ્તુરી સળીત’ (સ્ત્રીચરિત્ર) વીર વિક્રમની વાર્તાઓના પ્રકારની વાર્તા છે. અહીં રાજા કાળસંગ સ્ત્રીચરિત્રની વિદ્યા જાણે છે. રાતે આ વિદ્યા જાણવા માટે ગુપ્તવેશે ફરતા રાજાને સ્ત્રીચરિત્રના અનેક કિસ્સાઓ જોવા મળે છે. તેમાં સૌથી મોટો કિસ્સો પોતાની રાણીનો જ છે ! પોતાની રાણીનાં સ્ત્રીચરિત્ર તેને પરેશાન કરે છે. આમાં મંત્ર-તંત્ર જાણનાર ગુરુઓની ચડતી-ઊતરતી શક્તિઓનો આશ્રય લેવાયો છે. આખરે ગુરુ અને શિષ્યાનો વિનાશ થાય છે. રાણીને કાળસંગ રાજા ગધેડે બેસાડીને ગામમાંથી કાઢી તેને તેના કુકર્મનું ફળ ચખાડે છે. આ વાર્તામાં રૂપપરિવર્તનની વિદ્યા ચમત્કારનો અનુભવ કરાવે છે. રાજાને કૂતરો બનાવી દેવાય, પોપટ બનાવી દેવાય, ગંગાધીર બાજ બને. રાજાના આત્માને ઘૂંટીમાં મૂકી દેવાય, તેનો મણિ બનાવી હારમાં ગૂંથી ગળામાં પહેરાય. હાર લેવા આવેલા ગુરુ હાર તૂટતાં કૂકડો બનીને વીણવા આવે. રાણી બિલાડી બનીને કૂકડાનું પેટ ચીરે અને મણિ બહાર કાઢે – આ પ્રકારના પ્રસંગો વાર્તામાં અદ્ભુતરસ વહેવડાવે છે.

અપકાર કરનારાઓ પર પણ ઉપકાર કરવો જોઈએ એ પ્રકારનો બોધ આપતી

વાર્તાઓમાં 'નાનો ભાઈ' અને 'તાજલમુલ'નો સમાવેશ થાય છે. 'નાનો ભાઈ' વાર્તામાં અપરમાતાના કહેવાથી બે ભાઈ અને એક બહેન એ ત્રણે ભાંડેરુંને તેમના પિતા જંગલમાં મૂકી આવે છે. મહાદેવ તેમને સહાય કરે છે. છોકરાંઓ ચીભડાં પર જીવે છે તેવું જાણતાં અપરમાતા પુનઃ તેમના (બાળકોના) પિતાને ચીભડાનો વેલો કાપી આવવા કહે છે. પિતા ચીભડાનો વેલો કાપી આવે છે. ફરી મહાદેવ બાળકોને ગાય આપે છે. બાળકો ગાયનું દૂધ પીને મોટાં થાય છે. અપરમાતાના કહેવાથી ગાયને પણ મારી નાખવામાં આવે છે. મહાદેવ બાળકોને સાત માળનો બંગલો બનાવી આપે છે. આગ લેવા માટે બહેન રાક્ષસીના ઘેર જઈ ચડતાં ફસાય છે. રાક્ષસી તેને ત્રણ અશક્ય કામ સોંપે છે. છોકરી દેડકાં, લક્કડખોદ અને સાપ-ચકલાંની મદદથી આ અશક્ય કામો કરવામાં સફળ થાય છે. છોકરીને પરણવા માગતા રાક્ષસીના દીકરાને બે ભાઈઓ મારી નાખે છે. આખરે મોટો ભાઈ અને બહેન પરણવા માગતાં હોઈ, નાના ભાઈને મારી નાખે છે. એક ડોસો-ડોસી તેને સજીવન કરે છે અને તેને પોતાની તાડી વેચવાની દુકાને બેસાડે છે અને એ રીતે તે સુખી થાય છે. મોટો ભાઈ દેવાદાર બને છે. નાનો ભાઈ તેનું દેવું માફ કરે છે. આમ, મોટા ભાઈએ નાના ભાઈને મારી નાખ્યો હોવા છતાં નાનો ભાઈ તેના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી તેને મદદ કરે છે. આ વાર્તામાં અપરમાની ઈર્ષાનો ભોગ બનતાં બાળકો અને બીજી પત્નીના કહેવા મુજબ ક ાર્ય કરતો બાળકોનો પિતા જેવાં પાત્રો વનવાસી સમાજની અપરમા વિશેના ખ્યાલોનું પ્રતિબિંબ પાડે છે.

'તાજલમુલ' વાર્તામાં અણમાનીતી રાણીનો પુત્ર જંગલમાં તેની માતા સાથે રહેતો હતો તે કેવો પરાક્રમી બને છે અને જંગલમાં શિકાર વખતે અંધ થયેલા પિતાને કેવા કેવા સાહસ-સંકટોનો સામનો કરીને પુનઃ દષ્ટિવંત કરે છે તેની કથા નિરૂપાઈ છે. અહીં પણ પોતાના પિતાએ તો પોતાને જંગલમાં ધકેલી દીધો હતો છતાં રાજકુંવર પોતાના પિતાના સંકટ સમયે પાસે રહે છે અને તેનું અંધત્વ જાનના જોખમે પણ દૂર કરે છે. એમ અપકાર કરનારા પર પણ ઉપકાર કરે છે.

વનવાસી સમાજમાં સ્ત્રીની પતિનિષ્ઠાનું પણ ગૌરવ કરવામાં આવે છે. 'હીરા કસરાની' આ પ્રકારના મૂલ્યને ઉજાગર કરતી વાર્તા છે. ભીમસુખને પરણી છે તે બાળક છે એવું જાણતા હીરા કસરાની તેને બાર વર્ષનો બનાવે છે, બદદાનતવાળા ભાઈબંધ પાસેથી છોડાવે છે, મંત્ર વડે ઘેટો બની ગયો હતો તેમાંથી માણસ બનાવે છે અને છેવટે ચોરોએ અને ડોસીએ મારી નાખ્યો હતો એવા પતિને પુનઃ સજીવન કરે છે. આમ, સ્ત્રીની પતિનિષ્ઠાને પ્રગટ કરતી આ વાર્તામાં સ્ત્રી અનેક મુશ્કેલીઓ વેઠીને, પોતાનાં ધીરજ, બહાદુરી તથા હિમ્મત જેવા ગુણોથી પતિને રાજસિંહાસન પર બેસાડે છે.

'વેતિયો' વાર્તામાં વેતિયાનાં ચાલાકીભર્યાં પરાક્રમોનું આલેખન કરવામાં આવ્યું છે. 'ડોસો' વાર્તામાં ડોસો ચીભડા ખાઈ જતા વાંદરાને પોતાના ખેતરમાંથી કઈ રીતે ભગાડે છે તેની ચાલાકીભરી વાતનું નિરૂપણ કરવામાં આવ્યું છે. 'ટોચો પંખી' વાર્તામાં બાજ જેવા રખેવાળી પંખીની કર્તવ્યનિષ્ઠા અને વફાદારીનું નિરૂપણ કરવામાં આવ્યું છે. 'ટીડો જોશી' વાર્તા, તુક્કો પણ ક્યારેક આકસ્મિક સફળતા અપાવી શકે છે, તેની દ્યોતક છે. 'ટીડો જોશી' શીર્ષક ગુજરાતી વાચકોને બરાબર વાર્તાનો મર્મ સમજાય એટલે રાખ્યું છે. આ શીર્ષક ભાષાન્તરકારની સૂઝની પ્રતીતિ કરાવે છે. આ છેલ્લી ચારેક વાર્તાઓ કથનકલાની દૃષ્ટિએ નબળી છે.

આ વાર્તાઓ કૂંકણા જાતિના જીવનને સમજવા માટે સહાયરૂપ થાય તેવી છે. સમ્પાદકે આ વાર્તાઓના પરિસર સંદર્ભે નોંધ્યું છે :

"આમાંની મોટા ભાગની વાર્તાઓ નવરાશના સમયમાં મુખ્યત્વે રાત્રે કહેવાતી વાર્તાઓ છે. આ વાર્તાઓ કોઈ પણ ઉંમરનો માણસ કહી શકે છે. ખાસ કરીને રાત્રે વાળુ-પાણી કર્યા બાદ કુટુંબના સભ્યો બેઠા હોય તેવા વખતે વૃદ્ધ વ્યક્તિ બાળકોને આવી કથા સંભળાવતી હોય છે."

આ વાર્તાઓ જુદા જુદા કથકો દ્વારા જુદી જુદી રીતે કહેવાય છે. ક્યારેક 'થાટ' નામે ઓળખાતા વાજિંત્રના એકધારા સૂરની ભૂમિકામાં પણ આ વાર્તા કહેવાય છે. સમ્પાદકે આ 'થાટ' (થાળી) જેવા વાજિંત્રની પણ માહિતી આપી છે. વળી, આ વાર્તાઓ મુખ્યત્વે મનોરંજન માટે જ કહેવાય છે. સામે બેઠેલા પ્રેક્ષકોને ધ્યાનમાં રાખીને કથક વાર્તા કહેતો હોય છે. કથક મુજબ વાર્તા લાંબી-ટૂંકી થઈ શકે છે. સંશોધકે જે ત્રણ કથકો પાસે સાંભળીને આ વાર્તાઓ સમ્પાદિત કરી છે તે કથકોનો પણ સામાન્ય પરિચય આપીને તેમની વિશિષ્ટતાઓ પ્રતિ અંગુલિનિર્દેશ કર્યો છે. આ કથકો અભણ હોવા છતાં વાર્તાઓને કેવી રસપૂર્વક કહેતાં તેની નોંધ લીધી છે. બે કથકો દ્વારા કહેવાતી એક વાર્તામાં પણ કથનકલાની દૃષ્ટિએ, કેવો તફાવત હોય છે તે દર્શાવતા જગુભાઈ દસરુ ભોયે કહેલી અને ખાતડ ગામના રાજવંશી ભીલ અર્પકે કહેલી વાર્તા 'દોસ્તી'નું અહીં ઉદાહરણ પણ આપવામાં આવ્યું છે. જગુભાઈ વાર્તાને રસપૂર્વક રજૂ કરે છે જ્યારે રાજવંશી ભીલ અર્પક વાર્તાને ખૂબ જ સંક્ષેપમાં કહી જાય છે. આમ, સમ્પાદકે કથક અને કથનકલાની વિશિષ્ટતાઓ પ્રત્યે પણ આંશિક સંકેત કર્યો છે.

આમ, સમ્પાદનની એક ઊડીને આંખે ચડે તેવી વિશિષ્ટતા છે તેની છાપણી (Printing). વાર્તાઓ મૂળ કૂંકણી ભાષામાં છે અને સમ્પાદકે તેનું ગુજરાતીમાં ભાષાન્તર કર્યું છે. પુસ્તકના એકેએક પાના પર એક ભાગમાં મૂળ કૂંકણી ભાષામાં કહેવાયેલી વાર્તાનો અંશ અને બરાબર તે જ પૃષ્ઠ પર સામે ભાષાન્તરિત થયેલી વાર્તાનો અંશ મુકવામાં આવ્યો છે. આ પ્રકારની છાપણીથી સમ્પાદકની ભાષાન્તરકલાની પણ બરાબર કસોટી કરી શકાય તેમ છે. એક એક શબ્દ, વાક્યની સામે મૂકાયેલ તેનું ભાષાન્તર જો જરાપણ નબળું હોય તો તેને ઓળખી બતાવવામાં જ ભાષાવિદ્‌ને લેશમાત્ર તકલીફ પડે તેમ નથી. શાન્તિભાઈ આચાર્ય એક સમ્પાદક, સંશોધક અને ભાષાવિદ્ તરીકેની કસોટીમાંથી બરાબર પાર ઊતર્યા છે. તેની સાક્ષી પૂરે છે આ ક્ષેત્રમાં કામ કરનારા વિદ્વાનો અને ભાષાવિદો.

ઝવેરચંદ મેઘાણી લોકવિદ્યા સંશોધન ભવન, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયેલ આ સમ્પાદન વનવાસી કંઠસ્થ પરંપરાના સાહિત્યમાં એક નોંધપાત્ર દૃષ્ટિપૂત સમ્પાદન બની રહે છે.

r



# પરિષદ-વૃત્ત

**સં. અનિલા દલાલ**

### (૧) ચિ. મં. ગ્રંથાલય – બાળવિભાગ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સંચાલિત ચિ. મં. ગ્રંથાલયના ઉપક્રમે બાળવિભાગ અન્વયે બાળકોની ગુજરાતી ભાષા પ્રત્યેની રુચિ વધે અને ગુજરાતી ભાષાને વેગ મળે તેવા આશયથી તા. ૨૭-૨-૦૯ ને શુક્રવારે સાંજે ૪થી ૬ દરમ્યાન બાળ-પુસ્તક વાંચનસ્પર્ધાના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અતિથિવિશેષ તરીકે શ્રી પ્રિયવદનભાઈ રાંદેરિયાને આમંત્રિત કરવામાં આવ્યા હતા, પરંતુ એમની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ આવી શક્યા નહોતા.

વિવિધ શાળાઓ જેવી કે નવરંગ સ્કૂલ, સી. એન. વિદ્યાલય, શારદામંદિર, અંકુર, શાહપુર શાળા નં. ૭, એલિસબ્રિજ શાળા નં. ૧૦, ઉસ્માનપુરા મ્યુ. શાળા નં. ૨, શાહપુર શાળા નં. ૫, વિશ્વવિદ્યાલય પ્રા. શાળા (અસારવા), ડાહીબહેન ચીમનલાલ પ્રાથમિક શાળા (મણિનગર), અમદાવાદ ઇન્ટરનૅશનલ, સ્ફુમ સ્કૂલ, વંદના સ્કૂલના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી ૫૭ બાળકોએ ભાગ લીધો હતો. ધો. ૩થી ૭નાં બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

શ્રી દીપ્તિબહેન શાહે વિવિધ સ્કૂલોનાં બાળકોની હાજરીને બિરદાવી સ્વાગત કર્યું હતું, પરિષદના પ્રકાશનમંત્રી શ્રી ભારતીબહેન દવે અને પરિષદના કોષાધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક વક્તવ્ય આપી બાળકોને પ્રોત્સાહન આપતું વક્તવ્ય રજૂ કર્યું હતું. બાળકોને એક પુસ્તકમાંથી (બોધકથાઓ) પઠન કરી તેમાંથી તેનો સાર અથવા તો તેમને શું ગમ્યું તેની અભિવ્યક્તિ ખૂબ સુંદર રીતે કરી હતી. શ્રી કલ્પનાબહેન પરીખ, જેઓ (બાળવિભાગ) લાયબ્રેરીમાં સ્વૈચ્છિક માનદ્ સેવાઓ આપી રહ્યાં છે તેઓએ સ્પર્ધાના નિર્ણાયક તરીકેની જવાબદારી સ્વીકારી હતી. આ કાર્યક્રમ દરમ્યાન પરિષદના તેમજ ક. લા. સ્વાધ્યાય મંદિરના હોદ્દેદારો હાજર રહ્યા હતા. અંતે શ્રી કલ્પનાબહેન દ્વારા વિજેતાઓનાં નામ બોલાયાં બાદ તેઓને પુસ્તકોની ભેટ શ્રી ભારતીબહેન દ્વારા આપવામાં આવી હતી. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને એક પુસ્તકની ભેટ તો અચૂક અપાઈ જ હતી. આ કાર્યક્રમની આભારવિધિ અને સમાપન શ્રી ગંગારામ વાઘેલા (ચિ. મં. ગ્રંથાલય) દ્વારા થયું હતું.

**– દીપ્તિ શાહ**
**ગંગારામ વાઘેલા**

(૨) સાબરમતી આશ્રમમાં તારીખ ૩૦-૧-૦૯ના રોજ શ્રી શૈલેષ પારેખ સંપાદિત નાટક ‘ધ પ્રૉફેટ ઍન્ડ ધ પોયેટ’ રવીન્દ્ર ભવનના ઉપક્રમે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. એ પ્રસ્તુતિ સંદર્ભે તા. ૪-૩-૨૦૦૯ની સાંજે એક ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું. શૈલેષભાઈની નાટક સંબંધે વાત રજૂ થયા પછી સારી એવી ચર્ચા થઈ હતી. કેટલાક પ્રેક્ષકોનું કહેવું હતું કે પ્રસ્તુત થયેલી બાબતો બરાબર પહોંચી નહોતી. સૂત્રધારે ગાંધીજી-ટાગોરના તે તે સમયના પ્રસંગો – ઘટનાઓની સ્પષ્ટતા કરવી જોઈએ જેથી ભાવક એનો મર્મ પકડી શકે. તો આ પ્રસ્તુતિને કેટલે અંશે નાટક કહી શકાય એ બાબતે પણ વિવાદાસ્પદ મુદ્દાઓ ઊપસ્યા હતા. મોટાભાગના ઉપસ્થિત સભ્યોને લાગ્યું કે આને ‘વાચિકમ્’ના ખાનામાં મૂકવાથી અથવા તો ‘રેડિયો પ્લે’ના જેવી સંજ્ઞા આપવાથી વધુ સ્પષ્ટતા રહી હોત. શ્રી નિરંજન ભગતે સમાપનમાં ગાંધીજી- ટાગોર સંબંધ વિશે હૃદયસ્પર્શી વાતો કરી હતી.

(૩) ‘સર્જકો સાથે સંવાદ’ કાર્યક્રમમાં તા. ૩-૩-૨૦૦૯ને મંગળવારે શ્રી અજય રાવળની ઉપસ્થિતિમાં નવોદિતો તેમજ અન્યની કૃતિઓનું પઠન તેમજ પછીથી તે વિશે – કૃતિઓની લાક્ષણિકતા તેમજ મર્યાદાઓ – ચર્ચા થઈ. શ્રી અજયભાઈએ કૃતિને કલાત્મક / કાવ્યાત્મક બનાવવા તરફની ગતિનો આલેખ આપ્યો હતો.

(૪) તા. ૫-૩-૨૦૦૯ – પાક્ષિકીના ઉપક્રમે શ્રી દક્ષાબહેન પટેલની વાર્તાનું પઠન અને પછી તેની વિશેષતાઓ વિશે ચર્ચા થઈ, તો સાથે કૃતિને વધુ સક્ષમ બનાવવા શા ફેરફાર જરૂરી હોય તેનું સહચિંતન થયું.

(૫) તા. ૧૭-૩-૨૦૦૯ – ત્રીજો મંગળવાર : શ્રી રતિલાલ બોરીસાગરની ઉપસ્થિતિમાં શુદ્ધ લેખન વિશે આસ્વાદમૂલક ચર્ચાનો કાર્યક્રમ યોજાયો. સ્વરચિત કૃતિ લઈ આવેલા સભ્યો સાથે અને સભામાં સામાન્યપણે શુદ્ધ લેખન માટેની મહત્ત્વની બાબતો રજૂ કરાઈ.

(૬) દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી તા. ૧૪-૩-૦૯ અને ૧૫-૩-૦૯ના દિવસોએ પરિષદના પરિવેશમાં અને પરિષદપ્રમુખશ્રી નારાયણભાઈ દેસાઈની સતત ઉપસ્થિતિમાં ‘હિંદ-સ્વરાજ’ની શતાબ્દી નિમિત્તે એક પરિસંવાદનું આયોજન થયું હતું.

(૭) તા. ૧૪-૩-૦૯ની સાંજે ગુજરાતી સાહિત્ય પરિષદના સહયોગમાં વિનોદિની નીલકંઠ – મનુભાઈ પરીખ સ્મૃતિસંધ્યાનું આયોજન વિનોદિનીબહેનના પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. આરંભમાં શ્રી સુકુમારભાઈ અને શ્રી રંજનાબહેને પરિવાર તેમજ વિશેષે તેમનાં માતુશ્રી વિનોદિનીબહેનનાં વ્યક્તિત્વનાં સાહિત્યિક વગેરે પાસાંઓ પર પ્રકાશ પાડ્યો. તે પછી ત્રણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું : (૧) ઇતિહાસવિદ્ શ્રીમતી અપર્ણા બાસુએ ‘વિનોદિની નીલકંઠની સાહિત્યસૃષ્ટિ ખંડ-૩’, (૨) શ્રીમતી રોહિણીબહેન પટેલે ‘ગુજરાતી લેખિકાઓની સૂચિ’ અને (૩) જાણીતા લેખક શ્રી રઘુવીર ચૌધરીએ ‘The Road Less Travelled’ (જેમાં વિનોદિનીબહેનનું ટૂંકું જીવનઆલેખન તેમજ કૃતિઓના અંશોનું અંગ્રેજી છે.) સૌએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતાં; સાથે અંગ્રેજી પુસ્તક વિશે શ્રી શૈલજા પરીખે પણ વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી દૃષ્ટિ પટેલે કર્યું હતું. મહામાત્રશ્રી, ગુજરાત સાહિત્ય અકાદમી – શ્રી કિરીટ દૂધાત હાજર રહી શક્યા નહોતા.

કાર્યક્રમના બીજા ભાગમાં ‘નારીલેખન’ વિશે વિમર્શ રાખવામાં આવ્યો હતો. ગુજરાતી લેખિકાઓનાં વિશ્વ, તેમનાં લેખનનું પરિમાણ, પ્રભાવ અને પ્રદાન વિશે શ્રી અનિલા દલાલ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી બિંદુ ભટ્ટ તેમજ શ્રી ઉષા ઉપાધ્યાયે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમને અંતે શ્રી જગદીપ પરીખે આભારદર્શન કર્યું હતું.

(૮) ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને ગુજરાત

સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સૂચિવિદ્યા વિશેની એક સંગોષ્ઠિનું આયોજન તા. ૨૦-૩-૦૯ના રોજ ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં કરવામાં આવ્યું.

(૯) **આગામી કાર્યક્રમ :** તા. ૧૮-૪-૦૯ શનિવારે સાંજે ૫.૦૦ કલાકે શ્રી જવાહર બક્ષી ગઝલની કાર્યશાળા યોજશે. શ્રી મહેન્દ્રકુમાર રિખવચંદ શાહપ્રેરિત આ કાર્યક્રમ મુંબઈમાં મણિબહેન નાણાવટી કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા મ. ના. કૉલેજ, વિલેપાર્લેમાં યોજવામાં આવ્યો છે.

(૧૦) એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત શ્રી ધીરુબહેન પટેલની વિનંતી છે કે સૌ બાળસાહિત્યપ્રેમી લેખિકાઓ નાનાં વર્તુળોમાં બાળસાહિત્યની લેખનની કાર્યશાળા યોજે અને બાળકો, કિશોરો સમક્ષ એમાંથી પસંદ કરેલી બાળવાર્તાઓનું પઠન કરવાના કાર્યક્રમો યોજી બાળસાહિત્ય વિશે સજગતા ઊભી કરે.

r

r **અંજલિ**

### વિનોદ મેઘાણીની ચિરવિદાય

વિનોદ મેઘાણીના સ્મરણ સાથે 'Lust for Life' – 'સળગતાં સૂરજમુખી'નું સ્મરણ તરત થઈ આવે અને સાથે એમની શિષ્ટ-સંસ્કૃત પુરુષની છબિ પણ પ્રત્યક્ષ થાય. આજીવન એમણે વિદ્યા-સાહિત્યનું સેવન કર્યું તેય પૂર્ણ નિસ્બત-નિષ્ઠાથી. મેઘાણીકુળના આ શબ્દસેવીનો માધ્યમિક શિક્ષણ સુધીનો. ઉચ્ચશિક્ષણ લેવાનું ન બન્યું, પણ પરંપરાના શિક્ષણ વગર એમણે જીવનને જ શિક્ષણ માન્યું અને જાતને ઘડી. માણસ માત્ર પ્રત્યે એમને સ્નેહ. વળી અબોલ જીવ પ્રત્યે પણ એટલો સ્નેહ. એમણે ઝવેરચંદ મેઘાણીના પત્રોનું 'લિ. હું આવું છું' એ નામે સંપાદન કર્યું છે. 'સૌરાષ્ટ્રની રસધાર'નું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું. એ ઉપરાંત 'અખેપાતર' (બિન્દુ ભટ્ટ), 'સમુદ્રાન્તિકે' (ધ્રુવ ભટ્ટ), 'મહાદેવભાઈની ડાયરી', 'માણસાઈના દીવા' (ઝવેરચંદ મેઘાણી), 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' (હિમાંશી શેલત) ઇત્યાદિ ગુજરાતી કૃતિઓને અંગ્રેજીમાં ઉતારી. આ કામમાં એમની ચીવટનાં દર્શન થાય. એમની સમજ પમાય અને મૂળ ભાષા જેટલું વિત્ત અંગ્રેજીમાં પણ વર્તાય. એમની આ અનુવાદ-પ્રવૃત્તિને 'અનુસર્જન' કહેવાઈ છે તે યથાર્થ છે. વાન ઘોઘની જીવનકથાના સંદર્ભે તો રાજેન્દ્ર આચાર્ય એમને 'અગ્નિગોત્રના અનુસર્જક' કહે છે એ પણ એટલું જ સાચું છે. વ્યવસાયમાં પણ એમની દક્ષતા એટલી જ. 'સાગરખેડૂનાં સંસ્મરણો'માં એમની અનુભવગાથા છે. એ લેખો પુસ્તક રૂપે પ્રસિદ્ધ થશે ત્યારે વિનોદભાઈની નોખી છવિ લબ્ધ થશે. બિપિન પટેલે એમની શિસ્તને 'અંગ્રેજ' સાથે સરખાવી છે અને એમના સ્નેહાળ વ્યક્તિત્વને સંભાળ્યું છે. અબ્રામામાંનું એમનું નિવાસસ્થાન એ સહુ માટે ખુલ્લું હતું. નામ પણ કેવું – 'સખ્ય'. સહુ સાથે સખાનો ભાવ. આવા ભાવુકજનનું આ નશ્વર જગતમાંથી વિદાય થવું સહુને ગ્લાનિ પહોંચાડે. પરંતુ નિયતિ એ તો નિયતિ. ૧૫ ફેબ્રુઆરીએ વિનોદભાઈ 'હું આવું છું' કીધા વગર ચાલ્યા ગયા. એમને અંજલિ.





# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

### ધીરુ પરીખને રણજિતરામ સુવર્ણચંદ્રક

ગુજરાત સાહિત્ય સભા દ્વારા અપાતો રણજિતરામ સુવર્ણચંદ્રક ૨૦૦૮ના વર્ષ માટે કવિ, વિવેચક, ટૂંકીવાર્તાકાર, ચરિત્રકાર, અનુવાદક ધીરુ પરીખને અપાશે. તેઓ કુમાર અને કવિલોકના તંત્રી છે અને વર્ષોથી બુધસભાનું સંચાલન કરે છે.

### જયંત ગાડીતને ધનજી કાનજી ગાંધી ચંદ્રક

ગુજરાત સાહિત્ય સભા દ્વારા અપાતો ધનજી કાનજી ગાંધી ચંદ્રક ૨૦૦૮ના વર્ષ માટે નવલકથાકાર જયંત ગાડીતને અપાશે.

### વાર્તાશિબિર પાટણમાં

સુરેશ જોષી સાહિત્ય વિચારફોરમનો ૨૩મો વાર્તાશિબિર ઉત્તર ગુજરાત વાર્તાવર્તુળના સંયુક્ત ઉપક્રમે ડૉ. ભરત સોલંકીના યજમાનપદે અને ડૉ. સુમન શાહના નેજા હેઠળ પાટણ ખાતે ૭-૮ માર્ચના રોજ યોજાઈ ગયો તેમાં ૧૬ વાર્તાકારોએ ભાગ લીધો હતો.

### 'દડમજલ' ગઝલસંગ્રહનું લોકાર્પણ

પ્રેમાનંદ સાહિત્ય સભાના ઉપક્રમે ડૉ. રશીદ મીરની અધ્યક્ષતામાં ડૉ. પ્રવીણ દરજીના હસ્તે અશોક જાની – આનંદના 'દડમજલ' સંગ્રહનું લોકાર્પણ થયું હતું.

### 'ખોજ અજવાસની'ના ત્રણ પ્રયોગો

નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદીના જીવનવિષયક નાટક 'ખોજ અજવાસની'ના ત્રણ પ્રયોગો નાટ્યવર્તુળ અને ગુજરાતી ભાષા-સાહિત્યભવન દ્વારા ૯ ફેબ્રુઆરીના રોજ થયા હતા. નાટક મહેન્દ્રસિંહ પરમારે લખ્યું છે

### 'ફટફટિયું'ની વાર્તાનું કથામંચન

સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા પુરસ્કૃત સુમન શાહકૃત 'ફટફટિયું'ની વાર્તા 'વર્ચ્યુઅલી રિયલ સૂટકેસ'નું કથામંચન ભાવનગર યુનિ.ના ગુજરાતી ભાષા-સાહિત્ય-ભવનના વિદ્યાર્થીઓ દ્વારા થયું હતું.

### 'મિથ્યાભિમાન'ની ભજવણી

નાટ્યવર્તુળ અને ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન – ભાવનગર દ્વારા મહેન્દ્રસિંહ પરમાર દિગ્દર્શિત 'મિથ્યાભિમાન' નાટકની ભજવણી વઢવાણ ખાતે થઈ હતી.

### 'રેશનાલિઝમ – મારી દૃષ્ટિએ' વિના મૂલ્યે મળશે

રમણ પાઠકકૃત 'રેશનાલિઝમ : મારી દૃષ્ટિએ' એ પુસ્તક સ્કૂલો, કૉલેજો, લાયબ્રેરીઓ, હૉસ્પિટલો અને ડૉક્ટરોને વિના મૂલ્યે મળશે. આ માટે જમનાદાસ કોટેચા,

માનસ-પ્રદૂષણ-નિવારણ કેન્દ્ર, જોરાવરનગર-૩૬૩૦૨૦ લખવા વિનંતી છે.

### ડૉ. અતુલભાઈ પાઠકને 'રાજીજી રત્ન સન્માન'

રચનાત્મક કાર્યકર ડૉ. અતુલભાઈ પાઠકને 'રાજીજી રત્ન સન્માન' આપવાનું રાજીજી મેમોરિયલ ટ્રસ્ટે નક્કી કર્યું છે.

### 'આંગળિયાત'ના રાજસ્થાની અનુવાદને પુરસ્કાર

જોસેફ મેકવાનની નવલકથા 'આંગળિયાત'નો રાજસ્થાની ભાષામાં એ જ નામે અનુવાદ શ્રી જેઠમલ હ. મારુએ કર્યો હતો. આ અનૂદિત કૃતિને સાહિત્ય અકાદમી, નવી દિલ્હીનો રાષ્ટ્રીય અનુવાદ પુરસ્કાર એનાયત થયો છે.

### 'મારી બાની ઇચ્છા'નું વિમોચન

ડૉ. રામ બારોટ સંપાદિત 'મારી બાની ઇચ્છા'નું વિમોચન ૧૪ માર્ચના રોજ આરોગ્ય અને પરિવારકલ્યાણમંત્રી શ્રી જયનારાયણ વ્યાસે કર્યું હતું.

### વિદ્યાસભાના ઉપક્રમે 'નાકર અને પ્રેમાનંદ' પર વ્યાખ્યાન

૧૩ માર્ચ ૨૦૦૯ના રોજ ગુજરાત વિદ્યાસભાના ઉપક્રમે ડૉ. ભોગીલાલ સાંડેસરા વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી ચિમનભાઈ ત્રિવેદીએ 'આખ્યાનકવિ નાકર અને પ્રેમાનંદ' પર વ્યાખ્યાન આપ્યું હતું.

r

### દાન

વિનોદિની નીલકંઠ પ્રકાશનશ્રેણી માટે રૂ. ૨૦,૦૦૦નું દાન પરિષદને મળેલ છે. હ. સુકુમાર પરીખ, રંજના પેંઢારકર.

ચિ. મં. ગ્રંથાલય સ્થાયીફંડ માટે સુલલિત મેમ્બર્સ એસોસિએશન, અમદાવાદ તરફથી રૂ. ૧,૫૦,૦૦૦નું દાન મળેલું છે. (હ. પાવનભાઈ બકેરી)

# પરબ

### ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

v 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

v 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.

v 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.

v વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.

v ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.

v પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.

v પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)

v 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

### લેખકોને :

v 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

v લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.

v **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**

v **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯